અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ ઓક્ટોબર ૨૦૨૩, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, આસો સુદ છઠ | અંક : ૮૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**હમાસને ઈઝરાયેલ સામેના યુદ્ધમાં હથિયાર આપવા બાબતે ખુલાસો**

**એક વીડિયો અને ઈઝરાયેલ દ્વારા જપ્ત કરાયેલ હથિયારો પરથી ધ્યાને આવ્યું છે કે, ઉત્તર કોરિયાને ઈનકાર કરવા છતાં તે હમાસને હથિયારો વેચે છે**

# ઈઝરાયેલ સામે હમાસે ઉત્તર કોરિયાના શસ્ત્રોનો ઉપયોગ કર્યો

। જેરુસલેમ, તા.૧૯ ।

ઈઝરાયેલ-હમાસ યુદ્ધના ૧૪માં દિવસે પણ અમાનવીય સંઘર્ષ જોવા મળી રહ્યું છે. આ સંઘર્ષમાં અત્યાર સુધીમાં ૫૦૦૦થી વધુ લોકોના મોત થયા છે. સૌથી વધુ ગાઝામાં ૩૫૦૦થી વધુ લોકોના મોત થયા છે. ત્યારે હમાસને કોણ હથિયારો પુરા પાડી રહ્યું છે, તેનો ચોંકાવનારો ખુલાસો થયો છે. તાજેતરમાં એક વીડિયો સામે આવ્યો છે, જેમાં હમાસ દ્વારા ૭ ઓક્ટોબરે ઈઝરાયેલ પર કરાયેલા અચાનક હુમલામાં ઉત્તર કોરિયા ના હથિયારાનો ઉપયોગ કરાયો હોવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. એક વીડિયો અને ઈઝરાયેલ દ્વારા જપ્ત કરાયેલ હથિયારો પરથી ધ્યાને આવ્યું છે કે, ઉત્તર કોરિયાને ઈક્કાર કરવા છતાં તે હમાસને હથિયારો વેંચે છે. મળતા અહેવાલો મુજબ ઉત્તર કોરિયાના ૨ નિષ્ણાંતો દ્વારા વીડિયોનું વિશ્લેષણ કરાયું છે. યુદ્ધ દરમિયાન જપ્ત કરાયેલ હથિયારો અને દક્ષિણ કોરિયાના સૈન્ય ઈન્ટેલિજન્સ સાથેના વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, હમાસે એફ-૭ રોકેટ-પ્રોપેલ્ડ ગ્રેનેટનો ઉપયોગ કર્યો છે. ઉલ્લેખનિય છે કે, એફ૭ રોકેટખભા પર રાખી છોડવામાં આવે છે અને તેનો ઉપયોગ વાહનોને ટાર્ગેટ કરવા માટે કરવામાં આવે છે.

કન્સલ્ટન્સી આર્મમેન્ટ રિસર્ચ સર્વિસીસના નિદેશક તરીકે કામ કરતા અને હથિયારોના નિષ્ણાંત એન.આર.જેનજેન-જોન્સ દ્વારા દક્ષિણ કોરિયા અંગેનો ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેમના જણાવ્યા મુજબ સીરિયા, ઈરાક, લેબનોન અને ગાઝા પટ્ટીમાં ઘર્ષણ દરમિયાન એફ-૭નો ઉપયોગ કરવામાં આવે છે. જોન્સે એસોસિએટેડ પ્રેસને જણાવ્યું કે, ઉત્તર કોરિયા ઘણા વર્ષોથી પેલેસ્ટાઈની આતંકવાદી જૂથનો સમર્થક છે અને અગાઉના ઘર્ષણોમાં પણ ઉત્તર કોરિયાના હથિયારો મળી આવ્યા છે.

પ્યોંગયાગના હળવા હથિયારો વિશે લખનારા સ્મોલ આર્મ્સ સર્વેના વરિષ્ઠ સંશોધનકર્તા મૈટ શ્રોઈડરે જણાવ્યું કે, હમાસે તાલીમ અંગેની તસવીરો જારી કરી છે, જેમાં ફાઈટર પ્લેનને એક હથિયાર સાથે દર્શાવાયું છે, તેના વારહેડ પર એક લાલ પટ્ટી પણ છે. ઉપરાંત તેની ડિઝાઈન પણ એફ૭ જેવી દેખાઈ રહી છે. તેમણે કહ્યું કે, 'હમાસ પાસે ઉત્તર કોરિયાના હથિયારો હોવા કોઈ આશ્ચર્યની વાત નથી.' ઉલ્લેખનિય છે કે, મંગળવારે મોડી રાત્રે ગાઝાની એક હોસ્પિટલ પર રોકેટથી હુમલો થયો હતો, જેમાં ૫૦૦ લોકોના મોત અને અસંખ્ય લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ હુમલાને લઈ હમાસ અને ઈઝરાયેલ બંને એકબીજા પર આક્ષેપો કરી રહ્યા છે. બંને દેશોના યુદ્ધની વાત કરીએ તો અત્યાર સુધીમાં યુદ્ધમાં કુલ ૫૦૦૦થી વધુ લોકોના મોત થયા છે, તો સેંકડો લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઉપરાંત લાખો લોકો બેઘર પણ થયા છે. યુદ્ધમાં અત્યાર સુધીમાં ગાઝામાં ૩૫૦૦ લોકોના મોત નિપજ્યા છે, જ્યારે ૧૩૦૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે.



## ગાઝા અને વેસ્ટ બેંકને માનવીય સહાયતા આપશે અમેરિકા

**અમેરિકાના પ્રેસિડેન્ટ જો બાઇડેન ઇઝરાયેલ પ્રવાસે આવ્યા હતા. તેમણે નેતન્યાહૂ સાથે મુલાકાત કરી હતી. સમાચાર એજન્સી એએનઆઈ અનુસાર, યુએસ પ્રમુખ જો બાઇડેન તેલ અવીવમાં ઇઝરાયેલના પીએમ નેતન્યાહૂ સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં જાહેરાત કરી કે અમેરિકા ગાઝા અને પશ્ચિમ કાંઠે રહેતા લોકોને માનવતાવાદી સહાય તરીકે ઇં ૧૦૦ મિલિયનનું ભંડોળ પૂરું પાડશે. ઉપરાંત બાઇડેને કહ્યું, મોટાભાગના પેલેસ્ટિનિયન હમાસ નથી. હમાસ પેલેસ્ટિનિયન લોકોનું પ્રતિનિધિત્વ કરતું નથી. હમાસ ગાઝામાં નિર્દોષ, નાગરિકો-પરિવારોનો માનવ ઢાલ તરીકે ઉપયોગ કરે છે. પેલેસ્ટિનિયન લોકો પણ ખૂબ પીડાય છે. ગઈકાલે ગાઝાની હોસ્પિટલમાં થયેલા પ્રચંડ હુમલાથી હું દુઃખી થયો હતો. યુનાઇટેડ સ્ટેટ્સ સ્પષ્ટપણે સંઘર્ષ દરમિયાન નાગરિક જીવનના રક્ષણ માટે ઊભું છે. ઇઝરાયેલ રાજ્યનો જન્મ વિશ્વના યહૂદી લોકો માટે સલામત સ્થળ તરીકે થયો હતો. જો ઈઝરાયેલ ન હોત તો આપણે તેની શોધ કરવી પડત. હું તમને વચન આપું છું, અમે તમને શક્ય તમામ મદદ કરીશું. આ ઉપરાંત બાઇડેને કહ્યું, આ હુમલા બાદ પ્રથમ ક્ષણથી જ મારું વહીવટીતંત્ર ઇઝરાયેલના નેતૃત્વના નજીકના સંપર્કમાં છે.**

## ન્યૂઝ બ્રિફ

### લિયોમાં વિજયે ૧૨૦ કરોડ, સંયજ દત્તે ૮ કરોડ ફી લીધી

। મુંબઈ, તા.૧૯ ।

તમિલ એક્ટર થલાપતિ વિજયની ફિલ્મની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા હોય છે. વિજયની ખૂબ ફેન ફોલોઈંગ છે. તેમની કોઈ પણ ફિલ્મ રિલીઝ થયા પહેલા અલગથી માહોલ બની જાય છે. વિજયે એકવાર ફરી ચાહકોને પોતાના દિવાના બનાવી દીધા છે. તેમની ફિલ્મ લિયો થિયેટર્સમાં આજે રિલીઝ થઈ ગઈ છે. લિયો એડવાન્સ બુકિંગના મામલે જવાન, પઠાણને પાછળ છોડી ચૂકી છે. હવે જોવાનું એ રહેશે કે કલેક્શનના મામલે આ કઈ ફિલ્મનો રેકોર્ડ તોડશે.

### હમાસ પાસેના બંધકોની મુક્તિ માટે ઈઝરાયેલને ભારતની મદદની અપેક્ષા

। જેરૂસલેમ, તા.૧૯ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા ઘણા દિવસોથી યુદ્ધ ચાલી રહ્યું છે જેમાં બંને બાજુએ મોટી ખુમારી થઈ છે ત્યારે ભારતે ઈઝરાયેલને સંપૂર્ણ સમર્થન આપ્યું છે અને ઈઝરાયેલના રાજદૂત નાઓર ગિલોને ભારતની મિત્રતાની પ્રશંસાકરતા કહ્યું હતું કે અમને ભારતના તમામ સ્તરેથી સમર્થન મળ્યું છે અને ભારત તરફથી કોઈપણ સહાયનું સ્વાગત કરીશું.

**તેલંગણામાં ચૂંટણી પ્રચાર આગળ વધારતા કોંગ્રેસ નેતા**

# તેલંગણામાં રાજા અને પ્રજા વચ્ચેની લડાઈ : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી

**દેશમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર તેલંગાણામાં છે, તેલંગાણા પર માત્ર એક જ પરિવાર શાસન કરે છે : રાહુલ**

। નવી દિલ્હી, તા.૧૯।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ચૂંટણી પ્રચાર માટે આજે તેલંગાણા પહોંચ્યા હતા. તેલંગાણાના ભૂપાલપલ્લીથી પન્નૂર ગામ સુધી કોંગ્રસની એક ચૂંટણી રેલીમાં લોકોને સંબોધિત કરતા રાહુલે બીજેપી, બીઆરએસ અને એઆઈએમઆએમપર નિશાન સાધ્યુ હતું. તેમણે કહ્યું કે, કેસીઆર ચૂંટણીમાં હારી જશે. આ લડાઈ રાજા અને પ્રજાના વચ્ચેની છે. તમે ઈચ્છતા હતા કે, તેલંગાણામાં જનતાનું રાજ આવે પરંતુ અહીં માત્ર એક પરિવારનું રાજ બની ગયુ છે.



રાહુલે રેલીને સંબોધિત કરતા કહ્યું કે, તેલંગાણામાં માત્ર એક પરિવારનું રાજ છે. સીએમનો જનતા સાથે કોઈ મતલબ નથી. દેશમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર તેલંગાણામાં જ છે. તેમણે કહ્યું કે, બીજેપી, બીઆરએસ અને એઆઈએમઆએમત્રણેય મળેલા છે. તેલંગાણાના મુખ્યમંત્રી પાછળ સીબીઆઈકે ઈડીકેમ નથી આવતી. દેશમાં હાલમાં ઈડીને લઈને ખૂબ જ રાજકારણ ચાલી રહ્યું છે. કોંગ્રેસ સહિત વિપક્ષી દળોનું કહેવું છે કે, ઈડીને જાણી જોઈને વિપક્ષી નેતાઓ પાછળ લગાવવામાં આવી રહી છે. આ દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું કે, જાતિગત વસતી ગણતરી દેશ માટે એક્સ-રેનું કામ કરશે. જ્યારે હું જાતિગત વસતી ગણતરીની વાત કરું છું ત્યારે ન તો વડા પ્રધાન નરેન્દ્ર મોદી કંઈ બોલે છે.

**કેનેડાના નિજ્જરની હત્યા અંગે ભારત પર આરોપ**

# કેનેડાના દાવા પર વિવાદનું કોઈ કારણ જ નથી : બર્ગેસ

। સિડની, તા.૧૯ ।

ઓસ્ટ્રેલિયાઈ ગુપ્તચર એજન્સીના પ્રમુખે કેનેડા દ્વારા ભારત સામે લગાવાયેલા આરોપો પર સહમતિ વ્યક્ત કરી દીધી છે. કેનેડાએ લગાવેલા આરોપો પર એક મહિના બાદ ઓસ્ટ્રેલિયાની સુરક્ષા ઈન્ટેલિજન્સ એજન્સીના નિર્દેશક માઈક બર્ગેસનું કહેવું છે કે કેનેડાના દાવા પર વિવાદ કરવાનું કોઈ કારણ જ નથી. તેમણે આ ટિપ્પણી અમેરિકાના કેલિફોર્નિયામાં આયોજિત પાંચ દેશોના ગુપ્તચર સંગઠન ફાઈવ આઈઝની એક ઐતિહાસિક બેઠકમાં કરી હતી. ઉલ્લેખનીય છે કે ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની



ભૂમિકાનો આરોપ લાગ્યો હતો. જેના બાદથી ભારત અને કેનેડા વચ્ચે ભારે વિવાદની સ્થિતિ જોવા મળી રહી છે. ફાઈવ આઈઝમાં પાંચ દેશો ઓસ્ટ્રેલિયા, કેનેડા, અમેરિકા, બ્રિટન અને ન્યૂઝીલેન્ડ સામેલ છે. આ તમામ સભ્ય દેશો એકબીજા સાથે મહત્ત્વપૂર્ણ ગુપ્તચર જાણકારી શેર કરે છે અને સુરક્ષા પ્રયાસોમાં પણ સહયોગ કરે છે.

**જુલાઈ પછી ફરી પોલીસ ખાતામાં બદલીનો ગંજીપો ચિપાયો**

# અમદાવાદમાં અચાનક ૫૬ પીએસઆઈની બદલીના આદેશ

। અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાતમાં ગત જુલાઈ મહિનામાં ગૃહવિભાગમાં પોલીસની બદલીનો ગંજીફો ચીપવામાં આવ્યો હતો. (પીએસઆઈટ્રાન્સફર)જેમાં પોલીસ વિભાગમાં બિન હથિયારધારી ૬૩ પીએસઆઈઅને ૨૨ પીઆઈ બદલીના આદેશ થતાં પોલીસ વિભાગમાં અનેક પોલીસ કર્મીઓને ઝટકો લાગ્યો હતો. ત્યારે હવે અમદાવાદમાં અચાનક પોલીસ કમિશ્નરે ૫૬ પીએસઆઈની બદલીનો આદેશ કરતાં પોલીસ બેડામાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.પોલીસ કમિશ્નરના હૂકમમાં જણાવ્યું છે કે, વહિવટી કારણોસર કરવામાં આવેલી બદલીઓને ધ્યાને રાખીને (જીએસ મલિક) જે તે અધિકારીએ તાત્કાલિક પોતાના બદલીના સ્થળે હાજર થઈને રીપોર્ટ કરવાનો રહેશે. શહેરમાં અચાનક બદલીનો ઓર્ડર થતાં પોલીસ કર્મચારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

અમદાવાદ શહેરમાં મનપસંદ જિમ ખાનામાં રેડ પછી દરિયાપુરના પીઆઈ પણ બદલી કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચના ૩ પીઆઈની પણ બદલી કરવામાં આવી છે. ખોખરા, ઈઓડબલ્યુઅને એસઓજીના પીઆઈ પણ બદલી કરવામાં આવી છે.

**હમાસ ઈઝરાયેલમાં હેંગ ગ્લાઈડર સાથે પ્રવેશતા ચિંતા**

# દેશમાં હવે મંજૂરી વગર હેંગ ગ્લાઈડર ઉડાવી નહીં શકાય

। નવી દિલ્હી, તા.૧૯ ।

હમાસના આતંકવાદીઓ ઈઝરાયેલમાં હેંગ ગ્લાઈડર સાથે પ્રવેશ કર્યા બાદ ભારતના ઉડ્ડયન નિયમનકાર ડિરેક્ટોરેડટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)એ હેંગ ગ્લાઈડરના સંચાલન અને સલામતી અંગેના નવા નિયમો અમલમાં મૂક્યા છે.

ઉડ્ડયન નિયમનકાર ડિરેક્ટોરેડટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)એ દ્વારા સુધારેલા આ નિયમો અનુસાર હવે કોઈપણ વ્યક્તિ એવિએશન રેગ્યુલરિટી દ્વારા મંજૂર કરાયેલા પરીક્ષક અથવા પ્રશિક્ષકની પરવાનગી વગર હેંગ ગ્લાઈડર ઉડાવી શકશે નહીં. આ ઉપરાંત ડીજીસીએએ પ્રશિક્ષક બનવા માટેની લાયકાત વિશે પણ માહિતી આપતા કહ્યું હતું કે એવી વ્યક્તિ હશે જે સંચાલિત હેંગ ગ્લાઈડર પર ૫૦ કલાક અને ટ્વીન મશીન પર ૧૦ કલાક ઉડાન ભરશે. રેગ્યુલેટર પાસેથી મંજૂરી મળ્યા બાદ આવી વ્યક્તિ લોકોને હેંગ ગ્લાઈડર ઉડાવવા માટે અધિકૃત કરી શકે છે. આ સિવાય ડીજીસીએએ આવા એરક્રાફટને ઓપરેટ કરવા માટે લાયક માટે પણ માપદંડો નક્કી કર્યા છે જેમાં કોઈપણ વ્યક્તિ પાસે જો ૨૫ કલાકના ફ્લાઈંગ ટાઈમ સાથે કોમર્શિયલ પાઈલટ લાઈસન્સ ન હોય તો તે વ્યક્તિ પાવર્ડ હેંગ ગ્લાઈડર ઉડાવી શકશે નહીં.





સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743





સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE
cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



### રાજકોટમાં હૃદય સંબંધિત બીમારીઓમાં ચિંતાજનક વધારો

## રાજકોટ સિવિલમાં હૃદયરોગના દર્દીઓમાં મોટો ઉછાળો, આંકડો ૬ હજારને પાર

| રાજકોટ, તા.૧૯ |

એક બાજુ રાજ્યમાં કોરોનાકાળ બાદ હાર્ટએટેકના કિસ્સાઓમાં ચિંતાજનક રીતે વધારો નોંધાવી રહ્યો છે. બીજી બાજુ આંકડાકીય માહિતી પર નજર નાખીએ તો રાજકોટની સિવિલ હોસ્પિટલના ચોપડે નોંધાયેલ વિગત અનુસાર રાજકોટમા હાર્ટએટેક નહિ પરંતુ હદય સંબંધિત બીમારીઓમાં પણ મોટો વધારો નોંધાઈ રહ્યો છે અને આ આંકડો ત્રણ વર્ષમાં ૬ હજારને પર થઈ ગયો હોય તેવું સામે આવ્યું છે. છેલ્લા ૩ વર્ષમાં સિવિલ હોસ્પિ ટલમાં હદયરોગના દર્દીઓની સંખ્યા વધી છે. વર્ષ ૨૦૨૧માં ૧૮૭૯ દર્દીઓએ હદયરોગ સંબંધિત બીમારીની સારવાર લીધી હોવાનું સામે આવ્યું છે. જેમા વધારો થયો છે અને વર્ષ ૨૦૨૨માં ૨૪૨૬ દર્દીઓએ હદયરોગ સંબંધિત બીમારીની સારવાર લીધી હતી. તો વર્ષ ૨૦૨૩ના ૧૦ મહિનામાં જ ૨૬૪૬ દર્દીઓએ હદયરોગ સંબંધિત બીમારીની સારવાર લીધી હોવાનું હોસ્પિટલમાં સત્તાવાર રીતે આંકડા સામે આવ્યા છે. તેમ રાજકોટ સિવિલ સુપ્રિ. રાધેશ્યામ ત્રિવેદીએ જણાવ્યું છે. કોરોનાકાળ બાદ સૌથી મોટી ઉપાધિ સમાન યુવાઓમાં હાર્ટ એટેકના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. જેને લઈને મેડિકલજગત પણ ચિંતિત છે અને આ પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે મથામણ કરી રહ્યું છે. ત્યારે ગુજરાતમાં આજે વધુ બે હાર્ટ એટેકથી મોતના બનાવ સામે આવ્યા છે. જેમાંથી રાજકોટમાં યુવકનું મૃત્યુ નિપજ્યું છે, જ્યારે સુરતમાં કામદારનું હાર્ટ એટેકથી મોત થયું છે.

રાજકોટના આણંદપર ગામે રહેતો વિપુલ નામનો ૩૨ વર્ષીય યુવક અચાનક બેભાન થઈને ઢળી પડ્યો હતો. જે બાદ તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે વિપુલને મૃત જાહેર કર્યો હતો. યુવકના અકાળે અવસાનથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

### ઓનલાઇન એપ્લિકેશનથી મિત્ર બનાવવો ભારે પડ્યો

## સુરતમાં ઓનલાઇન સિંગિંગથી બનેલા મિત્રએ પરિણીતા પર દુષ્કર્મ ગુજાર્યું

| સુરત, તા.૧૯ |

સુરતમા ઓનલાઈન સિંગિંગમાં જયપુરની મહિલા ભેરવાઈ હતી. ઓનલાઈન એપ્લિકેશનના માધ્યમથી હરિયાણાના યુવક સાથે પરિચયમાં આવ્યા બાદ મિત્રતા થઈ હતી. ત્યારબાદ બંનેએ વર્ચ્યુઅલ સેક્સ કર્યો હતો. જયપુરની યુવતી સુરત હતી ત્યારે હરિયાણાથી આ મિત્ર મળવા આવ્યો હતો અને હોટલમાં બોલાવી દુષ્કર્મ આચરી નાસી છૂટ્યો હતો. ત્યારે પોલીસે આ મામલે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને આરોપીને ઝડપી પાડ્યો છે.મળતી માહિતી પ્રમાણે, ઓનલાઈન એપ્લિકેશનથી મિત્ર બનાવો તો સાચવજો. કારણ કે જયપુરની એક પરિણીતા આવી જ એપ્લિકેશનમાં દુષ્કર્મનો ભોગ બની છે. જયપુરની ૩૧ વર્ષીય પરિણીતા સિંગિંગનો શોખ ધરાવતી હોવાથી છેલ્લા દોઢ વર્ષથી મોબાઈલમાં સ્ટારમેકર એપમાં પોતે ગાયેલા ગીતો પોસ્ટ કરતી હતી. એપ પર લાઈવ પર્ફોર્મ પણ કરતી હતી. જેમાં એક હરિયાણાના યુવાન હરદીપસિંગ સાથે આ એપ થકી સંપર્કમાં આવી હતીએપના મલ્ટિરૂમમાં હરદીપસિંગ પણ ગીતો ગાતો હતો અને તે પરિણીતાને ગીત ગાવા પ્રેરતો હતો. બંને વચ્ચે મિત્રતા થઈ હતી. ટેલિગ્રામ પર વીડિયો કોલ થકી પણ તેઓ વાતચીત કરતા હતા. થોડા સમય બાદ હરદીપે વીડિયો કોલ કરી પરિણીતાને નગ્ન થવા મજબૂર કરી હતી. હરદીપે પણ વીડિયો કોલમાં નગ્ન થઈ ગયો હતો અને બંનેએ વર્ચ્યુઅલ સેક્સ સંબંધો બાંધ્યા હતા. ગત એપ્રિલ માસમાં હરદીપે વીડિયો કોલમાં વર્ચ્યુઅલ સેક્સ કરાવી તેનું વીડિયો રેકોર્ડિંગ કરી લીધું હતું. તે દરમિયાન પરિણીતા સુરત આવી હતી. જેથી હરદીપ હરિયાણાથી સુરત આવ્યો હતો અને સુરતની હોટેલમાં મળવા બોલાવી વર્ચ્યુઅલી સેક્સનો વીડિયો બતાવી બ્લેકમેઈલ કરી બળાત્કાર ગુજાર્યો હતો અને ૪૮ હજાર પડાવી લીધા હતા. આ ઘટના મામલે મહિધરપુરા પોલીસ મથકમાં ફરિયાદ કરવામાં આવી હતી.



બંગાળી કલાકાર દ્વારા દુર્ગા માતાની મૂર્તિ બનાવાઈ રહેલ છે.

## ગેરકાયદેસર કેમિકલ વેસ્ટનો નિકાલ કરનાર પાનોલીના ઉદ્યોગકાર સહીત 3 ની ધરપકડ

| અંકલેશ્વર, તા.૧૯ |

૧૬ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ અંકલેશ્વરમાં જરૂરી દસ્તાવેજો વગર અંકલેશ્વરતાલુકાની પાનોલી જીઆઈડીસીની ઓરિએન્ટ રેમેડિઝ કંપનીમાંથી ઝેરી કેમિકલ વેસ્ટ ભરેલું ટેક્કર ગેરકાયદેસર નિકાલ માટે રવાના કર્યું હતું. આ ટેક્કર અંકલેશ્વર પોલીસે ઝડપી પાડી ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડને રિપોર્ટ કર્યો છે. CRPC 41(1)(D) હેઠળ ટેક્કર ચાલક ભગવનસિહ હરેસિહ ચંન્દ્રાવતએ કેમિકલ પાનોલી જી.આઈ.ડી.સીની ઓરીએન્ટ રેમેડીઝ કંપનીમાથી ભરીને નીકળ્યો હોવાની કબૂલાત કરતા તપાસ દરમિયાન કેમિકલ વેસ્ટના ગેરકાયદેસર નિકાલના કૌભાંડનો પર્દાફાશ થયો છે. પોલીસે એક મહિલા સહીત કંપનીના ૨ ભાગીદાર અને કેમિકલ નિકાલના કાવતરામાં સંડોવાયેલા અન્ય ૩ લોકો સહીત ૫ સામે ગુનો દાખલ કરી ૩ની ધરપકડ કરી છે. ટેક્કર ચાલકની પૂછપરછમાં માલિક યોગેન્દ્રસિંહના કહેવાથી ટેક્કરમાં પાનોલી જી.આઇ.ડી.સીમા આવેલ ઓરીએન્ટ રેમેડીઝ કંપનીમાંથી કેમીકલ ભરી ભરીને નિકળેલ હતો.

## કપડવંજની નર્મદા કેનાલમાંથી પ્રેમી યુગલના મૃતદેહ મળ્યા

| ખેડા, તા.૧૯ |

ખેડા જિલ્લાના કપડવંજની નર્મદા કેનાલમાંથી પ્રેમી યુગલના મૃતદેહ મળી આવ્યા છે. ફતિયાબાદ પાસેથી પસાર થતી કેનાલમાંથી આ બંનેના મૃતદેહ મળી આવ્યા છે. મૃતકો મહુધાના રૂપપુરા ગામના હોવાની માહિતી મળી છે. આ યુગલે ક્યા કારણોસર કેનાલમાં ઝંપલાવ્યું તે હજુ સામે આવ્યુ નથી. સ્થાનિક તરવૈયાઓની મદદથી મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા છે. સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે. ખેડા જિલ્લાના કપડવંજની એક કેનાલમાં પ્રેમી યુગલના મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. આ પ્રેમી યુગલ ખેડા જિલ્લાનું જ રહેવાસી હોવાનું સામે આવ્યુ છે. જો કે તેમના મૃત્યુ થવા પાછળનું કારણ હજુ પણ અકબંધ છે. પોલીસ દ્વારા કારણ જાણવા માટે વધુ તપાસ શરુ કરવામાં આવી છે.

## ગુજરાતમાં અકસ્માતની ભરમાર: ૭ અકસ્માતમાં ૫ લોકો કાળનો કોળિયો બન્યા

### નાની મોટી અકસ્માતની સાત ઘટનાઓ સામે આવી હતી, જેમાં પાંચ વ્યક્તિઓના મોત નિપજયા હોવાનું બહાર આવ્યું છે

| અમદાવાદ, તા.૧૯ |

વિકાસની હરણફાળ ભરતા ગુજરાતમાં અકસ્માતના કિસ્સાઓમાં પણ ચિંતાજનક રીતે વધારો નોંધાઈ રહ્યો છે. દિવસેને દિવસે અનેક લોકો માર્ગ અકસ્માતમાં મોતને ભેટતા હોવાના કિસ્સાઓ સામે આવતા હોય છે. આવી સ્થિતિ વચ્ચે આજે લગભગ નાની મોટી અકસ્માતની સાત ઘટનાઓ સામે આવી હતી. જેમાં પાંચ વ્યક્તિઓના મોત નિપજયા હોવાનું બહાર આવ્યું છે. અમદાવાદના રિવરફ્રન્ટ ખોડીયાર નગર પાસે અકસ્માતની ગોઝારી ઘટના સામે આવી હતી. જેમાં ડમ્પર ચાલકે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવી દેતા ડમ્પર ઝુંપડપટ્ટીમાં ઘૂસી ગયું હતું.

અકસ્માતની આ ઘટનામાં ત્રણથી ચાર લોકો ઈજાગ્રસ્ત થતા તાત્કાલિક સારવાર માટે ખસેડાયા હતા. જ્યારે પોલીસને જાણ થતા પોલીસ ઘટનાસ્થળે દોડી જઈ ડમ્પર ચાલક સામે કાર્યવાહી હાથ ધરવા તજવીજ હાથ ધરી છે. આ ઉપરાંત સાબરકાંઠાના પરિવારને હરિયાણાના બહાદુરગઢમાં અકસ્માત નડ્યો હતો. કે.એમ.પી એકસપ્રેસ હાઈવે પર ટ્રક અને ક્રૂઝર ગાડી વચ્ચે અકસ્માત સર્જાતા દેકારો બોલી ગયો હતો. આ અકસ્માતમાં ઈડરના વણઝારા પરિવારના ૨ વ્યક્તિના કમકમાટીભર્યા મોત નિપજયા હતા. સાસુ અને વહુનું ઘટનાસ્થળે મોત થતા પરિજનોમાં કાળો કલ્પાંત ફેલાયો છે. વધુમાં અકસ્માતમાં ૧૦ વ્યક્તિને ગંભીર ઈજા થઈ હોવાનું પણ સામે આવ્યું છે.

અકસ્માતગ્રસ્ત પરિવાર અસ્થિ વિસર્જન માટે હરિદ્વાર જતો હોવાનું સામે આવ્યું છે. વધુમાં અકસ્માતની બીજી ઘટના પાટણના વારાહી ગામ નજીક સામે આવી હતી.જેમાં હિટ એન્ડ રનમાં અજાણ્યા વાહને બાઈકસવારને અડફેટે લીધો હતો. આ ધડાકાભેર આકસ્માતમાં ૫૦ વર્ષીય ઘોનાભાઈ નામના વ્યક્તિનું મૃત્યુ નીપજ્યું છે. જ્યારે અકસ્માત બાદ વાહનચાલક ફરાર થઈ જતા વારાહી પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે.તેમજ અમદાવાદના સોલા બ્રિજ પર અકસ્માત સર્જાયો હતો. જેમાં બ્રિજ પર ઉભેલી કાર સાથે ટેમ્પો અથડાયો હતો.જેમાં એક સ્કૂટરને પણ અડફેટે લીધુ હતું. જોકે સદનસીબે અકસ્માતમાં કોઇ જાનહાનિ નહીં આથી. પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. આ ઉપરાંત સાપુતારા માલેગામ નેશનલ હાઈવે પર નાસિકથી સુરત તરફ જતા ટ્રકની બ્રેક ફેઈલ થઇ ગઇ હતી. બાદમાં અકસ્માત સર્જાતા ૮૧ વર્ષીય વૃદ્ધાનું મોત નીપજ્યું હતું. ટ્રકની બ્રેક ફેલ થતા કારને અડફેટે હતી. જેમાં અમદાવાદથી શિરડી જઈ રહેલ પરિવારને અકસ્માત નડ્યો હતો. વધુમાં અન્ય ૪ને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડાયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

તો સુરતના બારડોલીના નાંદીડા ચાર રસ્તા નજીક ત્રિપલ અકસ્માત થયો હતો. જેમાં કાર રસ્તો ક્રોસ કરતા સમયે ટેમ્પો સાથે અથડાઈ હતી. બાદમાં અન્ય બે ગાડી પણ અથડાતા લોકોના ટોળા એકઠા થયા હતા. આ અકસ્માતને પગલે બારડોલી પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો.

બીજી તરફ જામનગરમાં નૂરી ચોકડી નજીક ટ્રકે વૃદ્ધ મહિલાને ચગદી નાખતાં ઘટના સ્થળેજ કમકમાટીભર્યું મોત થયું હતું. નુરી ચોકડી નજીક ઝુંપડુ બાંધીને રહેતા હુરબાઈ જુસબભાઈ રાઠોડ નામના ૬૫ વર્ષીય વૃદ્ધા આજે સવારે ચા પીવા માટે જતા હતા ત્યારે રોંગ સાઈડમાં પુરઝડપે આવી રહેલા ટ્રક રજી. નં. જીજે-૧૦-ટીવાય-૫૪૯૬ ના ચાલકે બેદરકારી પૂર્વક ચલાવી તેમને ઠોકર મારતાં ગંભીર ઈજાઓ પહોંચતાં ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયું હતું,

## ઈડરના પરિવારને હરિયાણામાં અકસ્માત નડ્યો : ૨નાં મોત, ૧૦ લોકો ઈજાગ્રસ્ત

| સાબરકાંઠા, તા.૧૯ |

વર્તમાનમાં રોડ અકસ્માતની ઘટના દિવસેને દિવસે વધી રહી છે. ત્યારે ફરી એકવાર કમકમાટી ભર્યા અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. સાબરકાંઠાના પરિવારને હરિયાણાના બહાદુરગઢમાં અકસ્માત નડ્યો છે. કે.એમ.પી એક્સપ્રેસ હાઈવે પર ટ્રક અને ક્રૂઝર ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઈડરના વણઝારા પરિવારના ૨ વ્યક્તિના મોત થયા છે. હરિયાણાના બહાદુરગઢમાં સર્જાયેલા અકસ્માતમાં સાબરકાંઠાના પરિવારના બે સભ્યોના મોત થયા છે. ગમખ્વાર અકસ્માતમાં સાસુ અને વહુનું ઘટના સ્થળે જ મોત થયું છે તેમજ અકસ્માતમાં ૧૦ વ્યક્તિને ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડાયા છે. પાપ્ત માહિતી મુજબ સાબરકાંઠાનો પરિવાર અસ્થિ વિસર્જન માટે હરિદ્વાર જતો હતો તે દરમિયાન હરિયાણાના બહાદુરગઢ નજીક અકસ્માત નડ્યો હતો. જો કે, આ ઘટનાના પગલે પરિવારજનો પર આફતના વાદળો ઘેરાયા છે. આ બનાવ કે એમ પી એકસપ્રેસ હાઈવે પર સર્જાયો હતો. ટ્રક સાથે ક્રૂઝર ગાડી અથડાતા અકસ્માત સર્જાયો હતો. જો કે, આ બનાવને લઈ હરિયાણા સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.

## ડીસાના સ્થાનિકો નશાખોરોથી પરેશાન, રોષે ભરાયેલા લોકોએ કાર્યવાહી કરવા માંગ કરી

| બનાસકાંઠા, તા.૧૯ |

બનાસકાંઠા જિલ્લામાં ડ્રગ્સને લઈ પોલીસ મૂક પ્રેક્ષક બની હોય એવી સ્થિતિ છે. ડીસા વિસ્તારમાં સ્થાનિકોનો રોષ વ્યાપી રહ્યો છે. શાળાના વિદ્યાર્થીઓ અને યુવાનો ડ્રગ્સના રવાડે ચડતા અટકાવવા માટેની માંગ સાથે રજૂઆત કરી છે. નશાનુ નેટવર્ક ડીસામાં નેસ્ત નાબૂદ કરવા માટેની માંગ કરવામાં આવી છે. શીવનગર શાળા, સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ સહિત કેટલીક સોસાયટી વિસ્તારમાં નશાનુ સેવન એ હદે વધી ચૂક્યુ છે કે, લોકો હવે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં ડ્રગ્સને લઈ પોલીસ મૂક પ્રેક્ષક બની હોય એવી સ્થિતિ છે. ડીસા વિસ્તારમાં સ્થાનિકોનો રોષ વ્યાપી રહ્યો છે. શાળાના વિદ્યાર્થીઓ અને યુવાનો ડ્રગ્સના રવાડે ચડતા અટકાવવા માટેની માંગ સાથે રજૂઆત કરી છે. નશાનુ નેટવર્ક ડીસામાં નેસ્ત નાબૂદ કરવા માટેની માંગ કરવામાં આવી છે. શીવનગર શાળા, સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ સહિત કેટલીક સોસાયટી વિસ્તારમાં નશાનુ સેવન એ હદે વધી ચૂક્યુ છે કે, લોકો હવે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સોસાયટી વિસ્તારમાં ડ્રગ્સના સેવનના પ્લાસ્ટીકના રેપર, ઈંજેક્શનો જથ્થો પણ છૂટો નાંખતો જોવા મળી રહ્યો છે. યુવાનોને ડ્રગ્સના રવાડે ચડતા અટકાવવા માટે માંગ કરી છે. નગર પાલિકા દ્વારા સીસીટીવી કેમેરા લગાવે જેથી ડ્રગ્સ સેવન કરનારા ઓ લોકો પર નજર રહી શકે અને કાર્યવાહી કરી શકાય છે. વિસ્તારમાં લોકોએ જાણે કે રહેવુ મુશ્કેલ બની ગયુ હોય એમ રોષ ઠાલવ્યો છે.

# વિશેષ લેખ

### ૨૦ ઓક્ટોબર: "વર્લ્ડ ઓસ્ટિયોપોરોસિસ દિવસ"

# દર ત્રણમાંથી એક સ્ત્રી અને ૫૦ વર્ષ તેમજ તેથી વધુ ઉંમરના દર પાંચમાંથી એક પુરૂષ ઓસ્ટીયોપોરોટિક અસ્થિભંગથી પીડાય છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ



દર વર્ષે ૨૦ ઓક્ટોબરનો દિવસ 'વર્લ્ડ ઓસ્ટિયોપોરોસિસ ડે' તરીકે ઊજવાય છે. ઓસ્ટિયોપોરોસિસ રોગ પ્રત્યે જાગૃતિ આવે એ મુખ્ય ઉદ્દેશ્ય છે. આ દિવસની શરૂઆત યુનાઈટેડ કિંગડમની નેશનલ ઓસ્ટિયોપોરોસિસ સોસાયટીએ યુરોપીય આયોગ સાથે મળીને એક અભિયાન સાથે કરી હતી. એ પછી ૧૯૯૭માં 'આંતરરાષ્ટ્રીય ઓસ્ટિયોપોરોસિસ ફાઉન્ડેશન' અને ૧૯૯૮, ૧૯૯૯માં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને 'વિશ્વ ઓસ્ટિયો પોરોસિસ દિવસ' સાથે મળીને ઊજવ્યો.

ઓ સ્ટિયોપોરોસિસ એ મૂળ તો હાડકાં નબળાં પડવાની બીમારી છે. પ્રથમ તો એને બે શબ્દોમાં વિભાજીત કરી દઈએ- ઓસ્ટ્યો એટલે કે હાડકાંને લગતું અને પોરોસિસ એટલે પોલા થઈ જવું. એમાં હાડકાંની અંદર પ્રોટીન તેમજ કેલ્શિયમ ઘટવા માંડે છે. નબળાં પડેલાં હાડકાંમાં દુખાવાથી માંડીને ફ્રેક્ચર સુધીની ઘણી સમસ્યા ઊભી થાય છે, જે બીજી શારીરિક, માનસિક, સામાજિક અને આર્થિક તકલીફોને પણ આમંત્રણ આપે છે. તેથી સમયસર સારવાર કરવી જરૂરી છે. ઓસ્ટિયોપોરોસિસ છે એની ખબર મોટાભાગના દર્દીને ફ્રેક્ચર થયા પછી જ પડે છે. કેટલાંક જ લોકોને અન્ય કારણોસર એક્સરે કરાવવાથી ફ્રેક્ચર થયા પહેલાં જાણ થાય છે. હાડકાં નબળાં પડ્યાં છે એની ચોક્કસ જાણ થાય એવાં કોઈ બાહ્ય લક્ષણો નથી, પરિણામે તપાસ કરાવવાથી જ ખબર પડે છે. શરૂઆત પચાસ વર્ષથી મોટી વયની તેરથી અઢાર ટકા સ્ત્રીઓ તેમજ ત્રણથી છ ટકા પુરુષોને હાડકાં નબળાં પડવાની તકલીફ થાય છે. જે લોકોને આ સમસ્યા થઈ હોય એમાંથી ફક્ત દસથી વીસ ટકા દર્દીઓનું નિદાન અને સારવાર સમયસર થાય છે. બાકીના દર્દીઓ જો કોઈ કોમ્પ્લિકેશનનો ભોગ બને ત્યારે એમને આ તકલીફની ખબર પડે છે. આશરે ૩૦-૩૫ વર્ષની ઉંમરે હાડકાં બનવાની અને નાશ થવાની બંને પ્રક્રિયા ઘણી ધીમી પડે છે. બાળકોને જન્મ આપવા દરમિયાન પણ મહિલાઓમાં કેલ્શિયમની કમી વર્તાય છે, જેને ભરપાઈ કરવાનું ઘણીવાર મુશ્કેલ હોય છે. સ્ત્રીઓમાં માસિકસ્ત્રાવ બંધ થવાની ઉંમરે હાડકાંની નાશ થવાની પ્રક્રિયા ઝડપી બને છે. કેટલીક સ્ત્રીઓમાં હાડકાંનો ૪૦થી ૫૦ ટકા જેટલો મોટો જથ્થો ઘટવા માંડે છે. સ્ત્રીઓમાં કરોડના મણકા, કાંડા પાસેના લાંબા હાડકાં અને થાપાના હાડકામાં સૌથી વધારે ઘટાડો જોવા મળે છે. પુરુષોમાં કાંડાના હાડકાને ખાસ અસર પહોંચતી નથી, પણ કરોડના મણકા અને થાપાના હાડકાના જથ્થામાં ઘટાડો જોવા મળે છે. પીઠમાં દુખાવો, કદ નાનું થવું, શરીર આગળ તરફ ઝૂકી જવું એ આ રોગનાં મહત્ત્વનાં લક્ષણો છે. આ ઉપરાંત આહારમાં કેલ્શિયમ ઓછું હોય તો પણ આ રોગ થઈ શકે છે. સ્ટીરોઈડ જેવી દવાઓનું લાંબા સમય સુધી સેવન કરવું પડે તેમને પણ આ રોગ લાગુ પડવાની શક્યતા વધુ હોય છે. એ સાથે બેઠાડું કે નિષ્ક્રિય જીવનશૈલી અને ધૂમ્રપાન કે વધુ પડતા દારૂના સેવનને કારણે પણ ઓસ્ટિયોપોરોસિસ થાય છે.

એનો ઉપાયએ છે કે નિયમિત ચાલવું જોઈએ. અન્ય કસરત કરતા રહેવું જોઈએ. આ ઉપરાંત આ રોગથી બચવા માટે કેલ્શિયમ અને વિટામિન-ડી યુક્ત ખાદ્યપદાર્થો, જેમકે દૂધ, દહીં, લીલાં શાકભાજી સહિતના સંતુલિત આહારનું સેવન કરવું. સવારના કુમળા તડકામાં રહેવાથી આ રોગમાં ઘણો લાભ થાય છે. આ ઉપરાંત ખોરાકમાં બાજરા, રાગી, ચણા, રાજમા, સોયાબીન, લીલી ભાજી, તલ, જીરુ, અજમો, હળદર જેવા મસાલા અને ખજૂર, સૂકી દ્રાક્ષ, ફળફળાદિ, દૂધનો વધુ ઉપયોગ કરવો જોઈએ. યોગ અને ધ્યાન જેવી તણાવમુક્ત પ્રવૃત્તિ કરવી જોઈએ. શરીરનું વજન, કેલ્શિયમ તેમજ વિટામિન-ડીનું સ્તર જળવાઈ રહે તે જાણકારી રાખવી જોઈએ. આ માટે હવે 'બોન ડેન્સિટી ટેસ્ટ' કરવામાં આવે છે.

દર ત્રણમાંથી એક સ્ત્રી અને ૫૦ વર્ષ તેમજ તેથી વધુ ઉંમરના દર પાંચમાંથી એક પુરૂષ ઓસ્ટીયો પોરોટિક અસ્થિભંગથી પીડાય છે, તેથી આ એક ખૂબ જ મોટી સમસ્યા છે

**વિશ્વ ઓસ્ટીયોપોરોસીસ દિવસનો ઇતિહાસ**

યુનાઈટેડ કિંગડમની નેશનલ ઓસ્ટીયોપોરોસીસ સોસાયટી દ્વારા ૨૦ ઓક્ટોબર ૧૯૯૬ના રોજ વિશ્વ ઓસ્ટીયોપોરોસીસ દિવસની શરૂઆત કરવામાં આવી હતી અને યુરોપીયન કમિશન દ્વારા તેને સમર્થન આપવામાં આવ્યું હતું. ઈ.સ. ૧૯૯૭ થી આ જાગૃતિ દિવસનું આયોજન ઈન્ટરનેશનલ ઓસ્ટીયો પોરોસીસ ફાઉન્ડેશન (IOF) દ્વારા કરવામાં આવે છે. જો કે ઈ.સ. ૧૯૯૪ પહેલા, ઓસ્ટીયોપોરોસિસને મોટો રોગ પણ માનવામાં આવતો ન હતો. પરંતુ ૧૯૯૮ માં, બે અગ્રણી સંસ્થાઓએ ઓસ્ટીયો પોરોસીસ વિશે લોકોને શિક્ષિત કરવા માટે પ્રતિબદ્ધ બની, તેઓએ સાથે મળીને આંતરરાષ્ટ્રીય ઓસ્ટીયો પોરોસીસ ફાઉન્ડેશનની રચના કરી હતી.

ઓસ્ટીયોપોરોસીસ એ એક પ્રણાલીગત ઓર્થોપેડિક ડિસઓર્ડર છે, જેનાં લક્ષણો નીચા હાડકાના જથ્થા થવાં તથા હાડકાની પેશીના સૂક્ષ્મ આર્કિટેક્ચરલ બગાડને કારણે હાડકાને નાજુકતા તરફ દોરી જાય છે અને પરિણામે અસ્થિભંગના જોખમમાં વધારો થાય છે. વૃદ્ધ લોકોમાં હાડકાં તૂટવા સૌથી સામાન્ય કારણ છે. હાડકાં જે સામાન્ય રીતે તૂટે છે તેમાં કરોડરજ્જુ, હાથના હાડકાં અને હિપનો સમાવેશ થાય છે. આ રોગમાં હાડકાં એટલી હદે નબળા પડી શકે છે કે નજીવા તાણ સાથે તે તૂટી જાય છે. તૂટેલા હાડકા સાજા થયા પછી પણ વ્યક્તિને પીડા થઈ શકે છે અને તેના જીવનની રોજિંદી પ્રવૃત્તિઓ હાથ ધરવાની ક્ષમતામાં ઘટાડો થઈ શકે છે. ઑસ્ટિયો પોરોસિસ સામાન્ય કરતાં નીચા મહત્તમ હાડકાના જથ્થાને કારણે અને સામાન્ય કરતાં વધારે હાડકાને નુકશાન પહોંચાડે છે. આ સિવાય મદ્યપાન, મંદાગ્નિ, હાઈપરથાઈરોઈડિઝમ, કિડનીની બિમારી અને અંડાશયને શસ્ત્રક્રિયા દૂર કરવા સહિત સંખ્યાબંધ રોગો અથવા સારવારને કારણે પણ ઑસ્ટિયો પોરોસિસ થઈ શકે છે.

# ઈસ્માઈલ હાનિયેહની નેટવર્થ ૧૬૦૦૦ કરોડ રુપિયા જેટલું છે



। તેલ અવીવ, તા.૧૯ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના જંગમાં રાતોરાત લાઈમ લાઈટમાં આવી ગયેલા હમાસના ચીફ ઈસ્માઈલ હાનિયેહની ઘણી બાબતો હવે સામે આવી રહી છે. સૌથી મહત્વની વાત એ છે કે, ઈસ્માઈલ હાનિયેહ અબજોપતિ છે. તેની નેટવર્થ ૧૬૦૦૦ કરોડ રુપિયા થવા જાય છે અને તે કતારની રાજધાની દોહામાં આલિશાન જીંદગી જીવે છે. તેની પાસે ૨૫ તો લક્ઝરી કાર છે. જેની કિંમત કરોડો રુપિયા થવા જાય છે. તેનુ ફાઈવ સ્ટાર પેન્ટ હાઉસ છે અને કોઈ પણ વૈભવી હોટલને ટક્કર મારે તેવી સુવિધાઓ સાથે સજ્જ છે. તે અવર જવર કરવા માટે પ્રાઈવેટ જેટનો ઉપયોગ કરે છે. એવુ કહેવાઈ રહ્યુ છે કે, ઈસ્માઈલ હાનિયેહે ગાઝાની ઈકોનોમી પર નિયંત્રણ મેળવવાની સાથે સાથે ઈજિપ્તથી ગાઝામાં પહોંચતી વસ્તુઓ પર ભારે ટેક્સ લગાવીને મબલખ સંપત્તિ રળી છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે તેની સંપત્તિ ૧૬૦૦૦ કરોડ રુપિયા જેટલી થવા જાય છે. ગાઝામાં ઘણા લોકો રોજનો એક ડોલર પણ કમાતા નથી ત્યારે હમાસ ચીફની સંપત્તિના આંકડા આંખો પહોળી કરી નાંખે તેવા છે. એક અનુમાન પ્રમાણે ગાઝાના શાસકોને ઈરાન દ્વારા દર વર્ષે ૧૦૦ મિલિયન ડોલરની સહાય પૂરી પાડવામાં આવે છે. જેમાંથી પણ અમુક રકમ હમાસના નેતાઓના ખિસ્સામાં જતી હોવાનુ મનાય છે.




### વુમન્સ પ્રીમિયર લીગ ૨૦૨૪ની તૈયારી ધીમે-ધીમે શરૂ

# મહિલા પ્રિમિયર લિગની પાંચ ટીમોનાં ખેલાડીના નામ જાહેર

### ડબલ્યુપીએલની પાંચ ટીમોએ ખેલાડીઓની લીસ્ટ જેમાથી ૬૦ ખેલાડી રિટેન, ૨૯ ખેલાડીને રિલિઝ કરી દેવાયા

। મુંબઈ, તા.૧૯ ।

વુમન્સ પ્રીમિયર લીગ ૨૦૨૪ની તૈયારીઓ ધીમે-ધીમે શરુ થઈ રહી છે. ડબલ્યુપીએલની પાંચ ટીમોએ ખેલાડીઓની લીસ્ટ જાહેર કરી છે જેમાં ૬૦ ખેલાડીઓએ રીટેન કરવામાં આવ્યા છે. જયારે ૨૯ ખેલાડીઓને રિલીઝ કરી દેવાયા છે. રિલીઝ લીસ્ટમાં ઘણાં મોટા ખેલાડીઓનું નામ સામેલ છે. દિલ્હી કેપિટલ્સ, ગુજરાત જાયન્ટ્સ, મુંબઈ ઈન્ડિયન્સ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને યુપી વોરિયર્સે લીસ્ટ બહાર પડી છે.

યુપી વોરિયાર્સે એલિસા હીલી, દીપ્તિ શર્મા અને ગ્રેસ હેરિસને રિટેન કરી છે. જયારે બેંગ્લોરે એલિસ પેરી,હીથર નાઈટ અને રેણુકા સિંહને રિટેન કરી છે. મુંબઈ ઈન્ડિયન્સએ હરમનપ્રીત કોર અને અમનજોત કોરને રિટેન કરી છે. ગુજરાત જાયન્ટ્સે ગાર્ડનરને ટીમમાં રાખી છે. જયારે કેટલીક ટીમોએ મોટા પ્લેયર્સને ડ્રોપ કરી દીધા છે. ગુજરાતે એનાબેલ સધરલેન્ડને રિલીઝ કરી દીધી છે. રિટેન કરાયેલા ખેલાડીઓઃ એલિસ કેપ્સી, અરુંધતિ રેડ્ડી, જેમિમાહ રોડ્રિગ્સ, જેસ જોનાસન, લૌરા હેરિસ, મેરિઝાન કેપ, મેગ લેનિંગ, મિનુ મણિ, પૂનમ યાદવ, રાધા યાદવ, શફાલી વર્મા, શિખા પાંડે, સ્નેહા દીપ્તિ, તાન્યા ભાટિયા, તિતાસ સાધુ.

રિલીઝ થયેલા ખેલાડીઓઃ અપર્ણા મંડલ, જસિયા અખ્તર, તારા નોરિસ ગુજરાત જાયન્ટ્સ રિટેન કરાયેલા ખેલાડીઓ : એશ્લે ગાર્ડનર, બેથ મૂની, દયાલન હેમલતા, હરલીન દેઓલ, લૌરા વોલ્વાર્ડ, શબનમ શકીલ, સ્નેહ રાણા, તનુજા કંવર.

### વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં પેસ બોલરને રેકોર્ડની તક

# વર્લ્ડ કપમાં વધુ વિકેટના કપિલ દેવના રેકોર્ડને તોડવાથી બુમરાહ ૧ વિકેટ દૂર

### ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન કપિલ દેવના નામે વન-ડે વર્લ્ડ કપની ૨૬ મેચની ૨૫ ઇનિંગ્સમાં ૨૮ વિકેટ છે

। પૂણે, તા.૧૯ ।

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આજે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ૧૭મી મેચ પુણેના મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં જસપ્રિત બુમરાહે બે વિકેટ લીધી હતી. આ મેચમાં ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ એક માઈલસ્ટોન પોતાના નામે કરી શકે તેમ હતો. જેનાથી તે માત્ર ૧ વિકેટ દૂર છે. જસપ્રીત બુમરાહ વન-ડે વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેનારા ભારતીયો બોલરોની લિસ્ટમાં છઠ્ઠા સ્થાને છે. બુમરાહના નામે હાલમાં વન-ડે વર્લ્ડ કપની ૧૨ મેચમાં ૨૬ વિકેટ છે. જો તે વધુ ૩ વિકેટ લેશે તો તે પૂર્વ ભારતીય કેપ્ટન કપિલ દેવને પાછળ છોડી દેશે.



ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન કપિલ દેવના નામે વન-ડે વર્લ્ડ કપની ૨૬ મેચની ૨૫ ઈનિંગ્સમાં ૨૮ વિકેટ છે. કપિલ દેવે આ વિકેટ વન-ડે વર્લ્ડ કપ ૧૯૭૯થી લઈને વન-ડે વર્લ્ડ કપ ૧૯૯૨ સુધી ઝડપી હતી.

### વર્લ્ડ કપમાં ન્યૂઝીલેન્ડે અફઘાનિસ્તાનને ૧૪૯ રને હરાવ્યું

# ન્યૂઝીલેન્ડ માટે ૧૦૦ વિકેટ ઝડપનારો સેન્ટનર બીજો સ્પિનર બની ગયો છે

### આ પહેલા માત્ર ડેનિયલ વિટોરી આવું કરી શક્યો હતો

। નવી દિલ્હી, તા.૧૯ ।

ન્યુઝીલેન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચે ગઈકાલે રમાયેલી વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ૧૬મી મેચમાં ન્યુઝીલેન્ડે અફઘાનિસ્તાનને ૧૪૯ રનથી હરાવ્યું હતું. ન્યુઝીલેન્ડે અફઘાનિસ્તાનને ૨૮૯ રનનો ટાર્ગેટ આપ્યો હતો. લક્ષ્યનો પીછો કરવા ઉતરી અફઘાનિસ્તાનની ટીમ માત્ર ૩૪.૪ ઓવરમાં ૧૩૯ રનના સ્કોર પર સમેટાઈ ગઈ હતી. ન્યુઝીલેન્ડ માટે મિચેલ સેન્ટનર અને લોકો ફર્ગ્યુસને ૩-૩ વિકેટ ઝડપી હતી. આ સાથે જ મિચેલ સેન્ટનરે એક ખાસ લીસ્ટમાં જગ્યા મેળવી લીધી છે. સેન્ટનર ૧૦૦ વિકેટ લેનાર બીજો સ્પિનર



બની ગયો છે. આ પહેલા માત્ર ડેનિયલ વિટોરી જ આવું કરી શક્યો હતો.

ન્યુઝીલેન્ડ માટે સૌથી વધુ વિકેટ લેનાર સ્પિનર્સની લીસ્ટમાં ડેનિયલ વિટોરી ટોપ પર છે.

### પેલેસ્ટાઈન અને ઈઝરાયેલ વચ્ચેના ટકરાવના ૧૪ દિવસ

# ઈઝરાયેલ-પેલેસ્ટાઈન યુદ્ધમાં ૫૦૦૦નાં મોત, ૧૩૦૦૦ ઘાયલ

। તેલ અવીવ, તા.૧૯ ।

પેલેસ્ટાઈન અને ઈઝરાયેલ વચ્ચેનો ટકરાવ ૧૪મા દિવસમાં પ્રવેશ્યો છે અને આટલા દિવસોમાં બંને પક્ષના ૫૦૦૦ લોકો માર્યા ગયા છે. પેલેસ્ટાઈનના શાસકોએ કહ્યુ હતુ કે, અત્યાર સુધીમાં પેલેસ્ટાઈનના ૩૫૪૦ નાગરિકો માર્યા ગયા છે અને ૧૩૦૦૦ લોકો ઘાયલ થયા છે.આ પૈકી સૌથી વધારે ૩૪૭૮ લોકોના મોત ગાઝા પટ્ટીમાં અને વેસ્ટ બેંકમાં ૬૨ લોકોના મોત થયા છે. બીજી તરફ ઈઝરાયેલ સરકારે જેઆંકડા જાહેર કર્યા છે તે પ્રમાણે ઈઝરાયેલના ૧૪૦૦ લોકોના મોત થયા છે અને ૪૪૦૦ લોકો ઘાયલ થયા છે.



ઈઝરાયેલની સેનાએ બુધવારે ફરી એક વખત ગાઝા પટ્ટી પર હવાઈ હુમલા કર્યા હતા. ઈઝરાયેલનુ કહેવુ છે કે, ગાઝા પટ્ટીમાં આતંકવાદીઓના ઘણા આશ્રયસ્થાનો નષ્ટ કરવામાં આવ્યા છે.તેની સાથે સાથે ટેંક વિરોધી મિસાઈલ લોન્ચિંગ જ્યાંથી થાય છે તે જગ્યા, વધારાનુ કમાન્ડ સેન્ટર, આતંકવાદીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી સુરંગો પણ તબાહ કરવામાં આવી છે.

# ભારત ૨૦૨૭ સુધીમાં દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે

। નવી દિલ્હી, તા.૧૯ ।

ભારતીય અર્થતંત્ર આવનારા સમયમાં ઝડપથી પ્રગતિ કરશે. ભારત ૨૦૨૭ સુધી દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બની જશે. જે.પી.મોર્ગનના એશિયા પેસિફિક ઈક્વિટી રિસર્ચના ડિરેક્ટર જેમ્સ સુલિવાને આ દાવો કર્યો હતો. આ મામલે માહિતી આપતાં જેમ્સ સુલિવાને દાવો કર્યો હતો કે ભારતીય અર્થતંત્ર ૨૦૩૦ સુધીમાં સાત લાખ કરોડનું થઈ જશે. તેમણે એક ચેનલ સાથેની વાતચીતમાં કહ્યું કે ભારતીય અર્થતંત્રના નિકાસમાં ઝડપી વધારો થશે. હાલમાં ભારતનો નિકાસનો આંકડો ૫૦૦




અબજ ડૉલરથી ઓછો છે અને તે એક લાખ કરોડ સુધી પહોંચશે તેવું અનુમાન છે. ભારતના જીડીપીનો આકાર વધવામાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો સૌથી મોટો હાથ હશે. હાલમાં ભારતના જીડીપીમાં મેન્યુફેક્ચરિંગની ભાગીદારી ૧૭ ટકા છે.

# નોકિયા દ્વારા ૧૪,૦૦૦ કર્મીની છટણી કરવા અંગે નિર્ણય લેવાયો

। નવી દિલ્હી, તા.૧૯ ।

એક તરફ ઈઝરાયલ-હમાસ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે તો બીજી બાજુ રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. આ દરમિયાન ૨૦૨૨થી જ દુનિયાભરમાં મંદી નું સંકટ જોવા મળી રહ્યું છે. જોકે હવે તેની અસર દિગ્ગજ કંપનીઓ પર થઈ રહી છે અને તેના પગલે મોટાપાયે છટણીનો માહોલ સર્જાયો છે. કર્મચારીઓની છટણી કરવાની યાદીમાં દુનિયાની સૌથી મોટા સર્ચ એન્જિન ગૂગલ થી લઈને ફેસબુકની પેરેન્ટ કંપની મેટા સૌથી આગળ રહી છે. જોકે હવે આ યાદીમાં વધુ એક મોટું નામ નોકિયા ઉમેરાઈ ગયું છે. નોકિયાએ તેના ૧૪,૦૦૦ કર્મચારીઓની છટણી કરવાનો નિર્ણય લીધો છે. અહેવાલ અનુસાર ફિનિશ ટેલીકોમ ગિયર ગ્રૂપ નોકિયા (નોકિયા. એચઈ) એ કહ્યું કે ઉત્તર અમેરિકા જેવા બજારોમાં પજીડિવાઈસના ધીમા વેચાણને લીધે ત્રીજા ત્રિમાસિકમાં સેલ્સમાં મોટો ઘટાડો થયો છે.

# સેન્સેક્સમાં ૨૪૮ અને નિફ્ટીમાં ૪૬ પોઈન્ટનો ઘટાડો નોંધાયો



। મુંબઈ, તા.૧૯ ।

શરૂઆતી ઘટાડા બાદ બજાર નિચેથી સુધર્યુ હતું અને સેન્સેક્સ અને નિફ્ટી નિચેથી સુધરીને બંધ થયા હતા. મિડકેપ, સ્મોલકેપ ફ્લેટ બંધ થયા. ઓટો, એફએમસીજી શેરોમાં ખરીદારી હતી જ્યારે મેટલ, એનર્જી, રિયલ્ટી ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ થયા હતા. ફાર્મા, બેંકિંગ અને ઈન્ફ્રા શેર્સ પર દબાણ હતું. વિપ્રો, ટેક મહિન્દ્રા, યુપીએલ, સન ફાર્મા અને એનટીપીસી નિફ્ટીના ટોપ લૂઝર હતા. બજાજ ઓટો, એલટૂઆઈમાઈન્ડટ્રી, નેસ્લે ઈન્ડિયા, હિરો મોટોકોર્પઅને અલ્ટ્રાટેક સિમેન્ટનિફ્ટીમાં ટોપ ગેઈનર્સ હતા. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૨૪૭.૭૮ પોઈન્ટ્સ અથવા ૦.૩૮ ટકાના ઘટાડા સાથે ૬૫,૬૨૯.૨૪ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૪૬.૪૦ પોઈન્ટ અથવા ૦.૨૪ ટકાના ઘટાડા સાથે ૧૯૬૨૪.૭૦ ના સ્તર પર બંધ થયો હતો. ભારતીય શેરબજાર સતત બીજા દિવસે ઘટાડા સાથે બંધ થયું છે. નબળા વૈશ્વિક સંકેતોને કારણે સવારે બજાર લાલ નિશાન સાથે ખુલ્યું હતું. દિવસ દરમિયાન બજાર નીચલા સ્તરેથી રિકવર થયું હતું. પરંતુ બજાર બંધ થાય તે પહેલા પ્રોફિટ બુકિંગ ફરી વળ્યું હતુ અને આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૨૪૮ પોઈન્ટના ઘટાડા સાથે ૬૫,૬૨૯ પોઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૪૬ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯,૬૨૪ પોઈન્ટ પર બંધ થયો હતો. આજના કારોબારમાં બેંકિંગ, આઈટી, ફાર્મા, મેટલ્સ, રિયલ એસ્ટેટ, એનર્જી, ઈન્ફ્રા, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરો ઘટાડા સાથે બંધ થયા છે. જ્યારે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, મીડિયા, એફએમસીજી અને ઓટો સેક્ટરના શેરોમાં તેજી જોવા મળી હતી. આજના કારોબારમાં મિડ-કેપ શેર્સમાં ઘટાડો જોવા મળ્યો હતો જ્યારે સ્મોલ કેપ ઈન્ડેક્સ લીલા નિશાનમાં બંધ રહ્યો હતો. સેન્સેક્સના ૩૦ શેર્સમાંથી ૮ શેર લાભ સાથે અને ૨૨ શેર નુકસાન સાથે બંધ થયા હતા. જ્યારે નિફ્ટીના ૫૦ શેરમાંથી ૧૭ શેર તેજી સાથે અને ૩૩ શેર નુકસાન સાથે બંધ થયા હતા. આજે પણ બજારમાં ઘટાડાથી શેરબજારના રોકાણકારોને નુકસાની વેઠવી પડી છે. બીએસઈપર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ઘટીને રૂ. ૩૨૦.૯૧ લાખ કરોડ થયું છે, જે છેલ્લા ટ્રેડિંગ સેશનમાં રૂ. ૩૨૧.૩૯ લાખ કરોડના સ્તરે બંધ થયું હતું. એટલે કે આજના વેપારમાં રોકાણકારોને રૂ.૪૮,૦૦૦ કરોડનું નુકસાન થયું છે.


### ઈઝરાયેલ-હમાસ યુદ્ધ અટકવાનો કોઈ સંકેત નહીં

# યુદ્ધ અટકાવવાની માંગ સાથે યહૂદીઓનો યુએસ સંસદને ઘેરાવ

। વોશિંગ્ટન, તા.૧૯ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લાં ૧૨ દિવસોથી યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. હજારો લોકો આ યુદ્ધમાં જીવ ગુમાવી ચૂક્યા છે પણ અત્યાર સુધી યુદ્ધવિરામના કોઈ સંકેત જોવા મળી રહ્યા નથી. દરમિયાન ગાઝા પર હુમલા બંધ કરવા અને યુદ્ધવિરામની માગ સાથે પ્રગતિશીલ યહુદી-અમેરિકી કાર્યકરોએ વોશિંગ્ટનમાં યુએસ કેપિટલ (અમેરિકી સંસદ ભવન) માં ઘૂસીને ધરણાં કર્યા હતા.

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધની સ્થિતિ દરમિયાન અમેરિકી સંસદ પાસે આ લોકોએ યુદ્ધવિરામ કરાવવાની માગ કરી હતી. યહૂદી સંગઠનોએ વ્હાઈટ હાઉસની નજીક કલાકો સુધી આ જ રીતે દેખાવો કર્યા હતા. સેંકડો દેખાવકારો બુધવારે વોશિંગ્ટનમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડેનના નિવાસની બહાર એકઠાં થયા હતા અને યુદ્ધને રોકવા આગ્રહ કર્યો હતો. દરમિયાન યુએસ કેપિટલ હિલ પોલીસે જણાવ્યું કે દેખાવકારોના એક સમૂહે સંસદ




ભવનની અંદર કબજો કરી લીધો છે. ગાઝામાં યુદ્ધ વિરામની માગ કરી રહેલા આ દેખાવકારોની ધરપકડ કરી લેવામાં આવી હતી.

દેખાવકારોએ કોંગ્રેસમાં ગાઝામાં યુદ્ધવિરામ કરાવવા આહ્વાન કરવાની માગ કરી હતી. યહૂદી વોઈસ ફોર પીસ અનુસાર હજારો અમેરિકી યહુદીઓએ સંસદની બહાર દેખાવ કર્યા હતા. જોકે ૩૫૦થી વધુ અંદર પ્રવેશી ગયા હતા. યહૂદી સંગઠને એક્સ પર પોસ્ટમાં કહ્યું કે અમારી ધરપકડ કરાઈ રહી છે પણ અમે અહીંથી ત્યાં સુધી નહીં હટીએ જ્યાં સુધી અમને યુદ્ધવિરામ મામલે આશ્વાસન નહીં મળે અને ગાઝામાં પેલેસ્ટિની નાગરિકોનું નરસંહાર બંધ નહીં થાય. સંગઠને કહ્યું કે છેલ્લાં ૭૫ વર્ષોથી ઈઝરાયલી સરકાર પેલેસ્ટિની જમીન પર ગેરકાયદે રીતે કબજો કરી રહી છે.

# ઈઝરાયેલ-હમાસ વચ્ચેના યુદ્ધમાં યુએસની દખલથી રશિયા નારાજ

### અમેરિકા ઈઝરાયેલ-પેલેસ્ટાઈન સંઘર્ષમાં વધારે રસ દાખવી રહ્યું છે, પરંતુ આનાથી રશિયન પ્રમુખ પણ ચિંતિત

। મોસ્કો, તા.૧૯ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે સંઘર્ષ ચાલુ છે. બે અઠવાડિયા પહેલા જ્યારે હમાસે ઈઝરાયેલ પર હુમલો કર્યો ત્યારે અમેરિકા તરત જ ઈઝરાયેલના સમર્થનમાં આવ્યું. રાષ્ટ્રપતિ જો બાયડેને તમામ સહાયતાની ખાતરી આપી અને થોડા કલાકોમાં ઈઝરાયેલ તરફ લશ્કરી કાફલો મોકલ્યો. એમ કહી શકાય કે અમેરિકા ઈઝરાયેલ-પેલેસ્ટાઈનસંઘર્ષમાં વધારે રસ દાખવી રહ્યું છે, પરંતુ આનાથી રશિયન પ્રમુખ



વ્લાદિમીર પુતિન પણ ચિંતિત છે. જોકે તેમની ચિંતાનું કારણ શું છે?

ઉલ્લેખનીય છે કે ઈઝરાયેલને સમર્થન આપવા માટે બાયડેન સરકારે બીજા એરક્રાફ્ટ કેરિયર યુએસએસ ડ્વાઈટ ડી. આઈઝનહોવર કેરિયર સ્ટ્રાઈક ગ્રુપને પૂર્વી ભૂમધ્ય સમુદ્રમાં મોકલ્યું છે. અમેરિકાના ડિફેન્સ સેક્રેટરી લોયડ ઓસ્ટિને કહ્યું કે તેને ઈઝરાયેલ વિરુદ્ધ ઉઠાવવામાં આવી રહેલા પગલા અને આ યુદ્ધને વ્યાપક બનાવવાના કોઈપણ પ્રયાસને રોકવા માટે મોકલવામાં આવ્યો છે. આઈઝનહોવર યુએસએસ ગેરાલ્ડ આર. ફોર્ડ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ માં જોડાશે, જે ઈઝરાયેલ પહેલાથી જ ધરાવે છે. ફાઈટર એરક્રાફ્ટ અને ક્રૂઝર સાથે ત્યાં અમેરિકાની હાજરી વધારવા માટે પણ આ પગલું લેવાયાની ચર્ચા છે.

દરમિયાન રશિયાના રાષ્ટ્રપતિએ ઈઝરાયેલને અમેરિકાની મદદ અંગે ચીનમાં રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કર્યા બાદ પત્રકાર પરિષદમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. રશિયન રાષ્ટ્રપતિએ કહ્યું કે અમેરિકાએ ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનવચ્ચેના સંઘર્ષના જવાબમાં ભૂમધ્ય સમુદ્રમાં બે એરક્રાફ્ટ કેરિયર મોકલ્યા છે. રશિયાએ ભૂમધ્ય સમુદ્રમાં અમેરિકાની સીધી હાજરીને પોતાના માટે એક અસ્પષ્ટ ચેતવણી તરીકે લીધી છે.



ઉડુપીમાં મહાલક્ષ્મી મંદિર ખાતે નવરાત્રિની ઉજવણી દરમિયાન વીણા કલાકારો દ્વારા પર્ફોર્મન્સ કરવામાં આવ્યું હતું.

## તંત્રી લેખ...

# પ્રગતિના નામે પર્યાવરણની વૈશ્વિક અધોગતિ

કાર્બન ઉત્સર્જિત કરનારા પ્રમુખ ચાર દેશોમાં ચીન ૨૭ ટકા સાથે પ્રથમ, અમેરિકા ૧૫ ટકા સાથે દ્વિતીય, યુરોપીય સંઘ ૧૦ ટકા સાથે તૃતીય અને ભારત ૭ ટકા સાથે ચોથા ક્રમે છે. ભારત બાદ આ સૂચીમાં ક્રમશઃ રશિયા, જાપાન, જર્મની, ઈરાન, સાઉદી અરબ અને દક્ષિણ કોરિયા છે. નોંધપાત્ર સુધારો યુરોપમાં આગલા વર્ષ કરતાં ઓછું પ્રદુષણ. કાર્બન ઉત્સર્જનમાં શેષ વિશ્ર્વના દેશોની કુલ ભાગીદારી, યોગદાન ૪૧ ટકા.વર્ષ ૨૦૧૮માં ભારતમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ૬.૩ ટકાના દરે વધે તેવી શકયતાઓ ય જતાવાઈ. ભારતમાં ૨૦૧૭માં માત્ર ૨ ટકાના દરે કાર્બન ડાયોક્સાઈડ ફેલાતો હતો. કોલસાના કારણે ૭.૧, ઓઈલના કારણે ૨.૯ અને ગેસના કારણે ૬ ટકા કાર્બન ડાયોક્સાઈડ ફેલાતો હતો. પેરિસમાં આયોજિત ક્લાઈમેટ ચેન્જ સમિટમાં ભારતની આગેવાનીમાં અનેક દેશોએ કાર્બન ઉત્સર્જન ઘટાડવાની તૈયારી દર્શાવી હતી, પરંતુ હજુ પરિણામ જોઈએ તેવું સારું પ્રાપ્ત થયું નથી. ભારત અને ચીન બંનેના કાર્બન ડાયોક્સાઈડનું સૌથી મોટું પરિબળ કોલસો છે. ચીને વિકલ્પ તરીકે સૌર્ય અને પવન ઊર્જાનો ઉપયોગ મજબૂત કરવાની નીતિઓ બનાવી છે. કોલસાનો ઉપયોગ બંને દેશોમાં વધી જ રહ્યો છે. વિશ્ર્વમાં પણ કોલસાનો ઉપયોગ ઐતિહાસિક રીતે ત્રણ ટકાના દરે વધ્યો છે, જે પર્યાવરણ માટે ખતરા સમાન. અમેરિકા આમાંથી બચી ગયું. બહાના અનેક છતાં ત્યાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધતું જાય છે. હવે ૨૦૧૯માં યુએન સમિટમાં આ અંગે નક્કર નીતિ નિર્ધાર થાય તેવી આશા. ભારત ચોથા ક્રમે હોય એ સ્વાભાવિક જ ભારતવાસીઓ માટે ચિંતા અને ચિંતનનો વિષય. માનવીની પ્રાથમિક હવા, પાણી અને ખોરાક સુધ્ધાં અત્યંત પ્રદૂષિત બન્યાં. ભીની માટીમાં બીજ રોપાય ત્યારથી જ રાસાયણિક ખાતરોનો ઉપયોગ, વધુ પાક મેળવવા અવનવી દવાઓને કારણે ખોરાક પ્રદૂષિત થયા, વાહનોનો ધુમાડો, એસીનો વધતો ઉપયોગ અને વીજળીનો બેફામ ઉપયોગ જેવાં કારણોને લીધે વાતાવરણ ઝેરીલું બન્યું, દરેક રાજ્યમાં પોલ્યુશન કંટ્રોલ બોર્ડ છતાં ઔદ્યોગિકરણ અને વધુ પડતાં શહેરીકરણમાં દુષિત પાણીનો જથ્થો વધતો જાય છે. તાજેતરમાં આવેલી શંકરની ફિલ્મ ૨.૦માં મોબાઈલના અતિ ઉપયોગથી જીવસૃષ્ટિ અને પર્યાવરણ પર થનારી વિપરીત અસરોને આબેહૂબ વર્ણવી છે. હવે મોબાઈલ પણ પ્રદૂષણ ફેલાવતું મહત્ત્વનું અંગ બની રહ્યો છે. આ પ્રદૂષણમાંથી બહાર આવવા માત્ર સરકારે નહીં સમાજે પણ કમર કસવાની છે. રસ્તાઓ અનેક છે. હરિત યોદ્ધા તરીકે ખ્યાત વંદના શિવા પ્રદૂષણ સુધારવા તપ આદરીને બેઠાં છે. પર્યાવરણ પર ગૂઢ અભ્યાસ કરીને ઠેર ઠેર જાગૃતિ ફેલાવતાં વંદનાજીએ રિસર્ચ ફાઉન્ડેશન ફોર સાયન્સ ટેકનોલોજી એન્ડ ઈકોલોજીની સ્થાપના કરી છે. તેઓ જૈવિક ખેતી પર વધારે જોર આપી ખેડૂતોને જાગ્રત કરી રહ્યાં છે.

# નિષ્ફળતા સ્ટાર્ટઅપનું એક પરિબળ છે

યુપીએની સરકારના દસ વર્ષના સળંગ શાસનને ઉથલાવીને જ્યારે એનડીએની સરકાર સત્તારૂઢ થઈ ત્યારથી એવા સંકેતો મળવા લાગેલા કે આ સરકાર એનડીએ એટલે કે સાથીદાર મિત્રપક્ષોની ઓછી છે અને ભાજપની વધુ છે. ધીમે ધીમે પ્રજાને એ પણ સમજાયું કે આ ભાજપ સરકાર પણ નથી ને માત્ર મોદી સરકાર છે. આ હકીકતથી મિસ્ટર મોદી પણ વાકેફ હતા અને માટે જ એકસો ત્રીસ-ચાલીસ કરોડની જનતાની અપેક્ષાનો ભાર ફક્ત એક વ્યક્તિ ઉપર આવી પડયો. લોકો કઈંક નાવીન્યસભર બદલાવની અપેક્ષાએ બેઠા હતા અને લોકોની અપેક્ષાની પરિપૂર્તિ કરવા માટે મોદી સરકારે એક પછી એક દેશવ્યાપી આઘાત સર્જ્યા જેને તેમણે યોજનાઓના નામ આપ્યા. સદંતર નિષ્ફળ ગયેલી નોટબંધી અને અણઘડ જીએસટીના અમલે સરકારની અનેક નબળાઈઓ છતી કરી દીધી. નોટબંધી જેવડી જ કે એનાથી પણ મોટી નિષ્ફળતા સ્ટાર્ટઅપ ઈન્ડિયા પ્રોજેકટને મળી છે. સ્ટાર્ટઅપનો પ્લાન લગભગ બધા જ સેક્ટરમાં નિષ્ફળતાને જઈ વર્યો છે. આરંભે શૂરા જેવો ઘાટ ધરાવતા સ્ટાર્ટઅપ ઈન્ડિયા પ્રોજેકટનું બાળમરણ થયું એવું કહેવું અતિશયોક્તિ નહીં ગણાય. ઈ. સ. ૨૦૧૫માં બધા જ ભારતીય સ્ટાર્ટઅપ પ્રોજેકટે દેશવિદેશમાંથી સાડા સાત અબજ ડોલરનું ફન્ડિંગ ભેગું કર્યું હતું, જે એના પછીના વર્ષે એટલે કે ઈ. સ. ૨૦૧૬માં ઘટીને સાડા ત્રણ અબજ ડોલર થઈ ગયેલું. ૨૦૧૬ની નોટબંધીએ તો અડધોઅડધ સ્ટાર્ટઅપની બુનિયાદ તોડી નાખી હતી. શરૂઆતના તબક્કામાં સ્ટાર્ટઅપ ઈન્ડિયા પ્રોજેકટને કારણે પાંચ લાખ યુવાઓને પ્રત્યક્ષ અને પંદર લાખ કરતા વધુ યુવાનોને પરોક્ષ રોજગારી મળી હતી. છેલ્લાં પાંચ વર્ષમાં જ દસમાંથી નવ સ્ટાર્ટઅપને તાળું લાગી ગયું છે. એકાદ સ્ટાર્ટઅપ કંપની મરવાના વાંકે જીવતી હતી તો તેનો દમ લોકડાઉનમાં તૂટી ગયો. સ્ટાર્ટઅપ ઈન્ડિયા હવે ભૂતકાળ છે. અલબત્ત, સ્ટાર્ટઅપ સેક્ટરમાં અપવાદો હશે અને તે પણ નોંધપાત્ર સંખ્યામાં, પરંતુ જે સ્તર ઉપર તેની સ્વપ્નિલ શરૂઆત કરવામાં આવી હતી તે અત્યારે સદંતર ગાયબ છે. સ્ટાર્ટઅપ એ કોઈ અને કોઈ રીતે સર્વિસ કે ઉત્પાદન આપતા આઈડિયાનું ઉદભવબિંદુ હતું, જેનો મુખ્ય હેતુ લોકોને પોતાની જરૂરિયાતો માટે તેના પરંપરાગત દુકાનદારો કે સર્વિસ પ્રોવાઈડર પાસેથી ખસેડીને આધુનિક રીતે પોતાની તરફ વાળવાનો હતો. ટૂંકમાં, લાખો લોકોનું ધ્યાન પોતાની તરફ ખેંચવાનું હતું. બાપદાદાઓના સમયથી જે ખરીદવેચાણ પરંપરાગત બજારમાં થતું એ બજાર જે-તે ગ્રાહકની વૈયક્તિક પસંદગી મુજબ તેના ઘરઆંગણે ઊભી રહેવાની હતી. સ્ટાર્ટઅપનો એક હેતુ એ પણ હતો કે લોકો પોતાની જરૂરિયાત પરત્વે અજાણ હોય તો તેનાથી તેને વિદિત કરવાનો, જેમ કે મેટ્રો શહેરમાં અનેક લોકો પાલતુ કૂતરા જેવા પ્રાણીઓ પાળે છે, તો એક સ્ટાર્ટઅપ કંપની પાલતુ કુતરાઓને નિયમિતપણે બહાર આંટો મારવા લઈ જાય, વાળ કાપી આપે, રસી મુકાવી દે જેવી સેવાઓ આપતી. લોકડાઉને આવા અનેક સ્ટાર્ટઅપના બિઝનેસને લુપ્ત કરી નાખ્યા. જે મોટા મોટા મોલ કે સુપરમાર્કેટના સ્ટોર હતા એ પણ લોકોને કામ નથી આવ્યા. લોકડાઉનમાં તો નાની દુકાનના માલિકો કે ફેરિયાવાળા તરફ જ નાણાંનો પ્રવાહ ગયો છે. સ્કૂલો જ જ્યારે બંધ હોય ત્યારે ઓનલાઈનમાં એક્સ્ટ્રા શિક્ષણ આપતા સ્ટાર્ટઅપનું મોંઘું સબસ્ક્રિપ્શન કોણ ભરે? જે મોટા મોટા સ્ટાર્ટઅપ ભારતમાં ખૂબ સફળ થયા છે એ બધામાં વિદેશી પૈસો લાગ્યો છે. ભારતની જ ફ્લિપકાર્ટ કંપની હવે વોલમાર્ટની છે. ટેક્સી સર્વિસ આપતી ઓલા, ઉબેર વગેરે કંપનીઓ વિદેશી થઈ છે અથવા તો વિદેશના પૈસાથી ચાલે છે.

# મહિષાસુર એટલે રુપનો મદ, ષષ્ઠી તું નારાયણી બની આપણે આપણાં જ રૂપનાં મદરૂપી મહિષાસુને મારવાનો છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



હે મા જગત જનની.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે આસો સુદ છઠ્ઠ એટલે કે છઠ્ઠુ નોરતું. નવદુર્ગાના કાત્યાયની સ્વરૂપનો મહિમા છે અનેરો! કત નામના ઋષિને ત્યાં જન્મ થયો હોવાથી કાત્યાયની નામ પડ્યું, એવી એક દંતકથા આ સ્વરૂપ સાથે જોડાયેલી છે. પરંતુ એ સમયે મહિષાસુરનો ત્રાસ પૃથ્વી પર વધી ગયો હોવાથી, બ્રહ્મા વિષ્ણુ અને મહેશે પોતાનો અંશ આપીને દેવીને પ્રગટ કર્યા, અને દેવીએ ષષ્ઠી તું નારાયણી બની મહિષાસુરનો વધ કર્યો. મા કાત્યાયનીની ઉપાસના કરનારનું મન આજ્ઞા ચક્ર પર સ્થિર થાય છે. આધ્યાત્મિક સાધના માટે આજ્ઞા ચક્રનું ખૂબ જ મહત્વ હોય છે, અને આજ્ઞા ચક્ર સદગુરુ નું સ્થાન બતાવ્યું છે,ગુરુ વચનમાં નિષ્ઠા હોય તો ત્યાં પરમશક્તિના દર્શન થાય, તો સમજવું સાધના સાચા માર્ગ પર જઈ રહી છે. બે આંખની મધ્યમાં સહેજ ઉપરની બાજુએ એટલે કે જ્યાં તિલક કરવામાં આવે છે, સુહાગન સ્ત્રીઓ પોતાના પતિવ્રત માટે ચાંદલો કરતી હોય છે, એ જગ્યાએ આજ્ઞાચક્ર આવેલું છે. પતિવ્રતા સ્ત્રી પોતાના પતિની આજ્ઞા અથવા તો પસંદ મુજબ જીવન જીવે, એટલે કે તેનું મન પોતાના પતિ પર સ્થિર છે, એમ કહી શકાય. ટૂંકમાં ઘર પરિવારને પ્રથમ મહત્વ આપીને જીવનારી સ્ત્રીનું સ્વરૂપ એટલે મા નવદુર્ગાનું છઠ્ઠું સ્વરૂપ. આજના સંદર્ભમાં વાત કરીએ, તો હવે સ્ત્રીઓ પણ કામ કરવા ઘર બહાર નીકળી છે, ત્યારે ગૃહસ્થી નિભાવવા જૂની પ્રણાલી કે પરંપરા કામ આવે નહીં! સમય સાથે ડગ ભરવા પડે, અને એટલે ઘર સંભાળવું એ કોઈ એક પક્ષની જવાબદારી નથી! બહું જ સમજણ પૂર્વક જીવવું પડે, બાળકનાં જન્મ પછીનો સ્ત્રી અને પુરુષ બંનેનો જવાબદારીનો કપરો સમય આવે ત્યારે, બંને જણાનું મન એકબીજા પર સ્થિર હોય તો ગૃહસ્થી ટકે, બાકી તો પછી મહાસંગ્રામ! મહિષાસુર એટલે રુપનો મદ! માની આરાધના કરી આપણે આપણા રૂપનાં મદ રૂપી મહિષાસુને મારવાનો છે, પરંતુ આપણી તકલીફ ત્યાં છે કે આપણે મહિષાસુરને બહાર શોધી એને મારવાની કોશિશ કરતા હોઈએ છીએ. હકીકતમાં એ આપણી અંદર વિસ્તાર વધારતો જાય છે, અને એને કારણે આપણું જીવન બરબાદ થતું જાય છે, આટલી સમજણ વિકસાવીને બંને જણા પોતપોતાના મદ એટલે કે અહંકારનો નાશ કરી, અને ''મારું'' નહીં પણ ''આપણું ઘર'' એ નીતિથી ગૃહસ્થિમાં જોડાય તો જ ઘર ઘર રહે છે, નહીં તો મહાભારતનું મેદાન. જૂની પેઢીના લોકો એવું સમજતા હોય છે કે સ્ત્રીઓની કમાણી કરવાની જીદને કારણે જ ઘર વીખરાઈ જાય છે, પણ મોંઘવારી દિવસેને દિવસે વધતી જાય છે, ત્યારે પોતાની બુદ્ધિ ચાતુર્યનો ઉપયોગ કરી, બે ચાર પૈસા કમાઈ ને પોતાના પતિ પરિવાર માટે કંઈક કરવું, એવો ભાવ આવકાર્ય હોવો જોઈએ,અને એટલે આવાં કપરા સમયમાં મા કાત્યાયની ની જેમ સમય સંબંધ અને નાણાં કાંતી કાંતી ને બંને પક્ષે જો જીવાય તો જ એકબીજાનાં મન ગૃહસ્થી પર સ્થિર રહે. પોતાની નહીં પણ એકબીજાની જરૂરતો માટે થઈને આવાં યુગલોને રુપિયા તો જોઈએ, અને તેથી એ બંને પોતાના જીવન મંગલ માટે મહાલક્ષ્મીના ચરણે જાય છે.

આજથી આપણે શ્રી સુકતમનો પાઠ લઈને ચિંતન કરીશું. શ્રી સુકતમનું સ્તોત્ર એક પવિત્ર છે અને એ દેવી શ્રી ને એટલે કે લક્ષ્મી સંબોધીને છે. દેવીના રૂપ સ્વરૂપ અને ગુણ ની મહત્તા વર્ણવી ને વેદ ના ઋષિઓ પોતાની પર ધન ઐશ્વર્ય, સત્તા સંપત્તિ અને સમૃદ્ધિની માંગ કરે છે. આ સ્તોત્ર ઋગ્વેદમાં આવેલ છે. દેવીને બધી સંપત્તિ અને વિપુલતાના સ્ત્રોત તરીકે વર્ણવે છે. સ્તોત્રમાં શ્રી એટલે કે લક્ષ્મીના લક્ષણો, સુંદરતા,તેજ અને ફળદ્રુપતા ની મૂર્ત સ્વરૂપ તરીકે રજૂ કરવામાં આવી છે.

શ્રી સુકતમ સ્તોત્ર

ૐ ॥ હિરણ્યવર્ણાં હરિણીં સુવર્ણરજતસ્રજામ્।
ચંદ્રાં હિરણ્મયીં લક્ષ્મીં જાતવેદો મ આવહ ॥

હે ભગવાન અગ્નિ, હું સોનેરી રંગવાળા, હરણ જેવાં, સોના અને ચાંદીના માળાથી સુશોભિત, ચંદ્રની જેમ ચમકતી, સુવર્ણ રંગવાળી દેવી લક્ષ્મીનું આહ્વાન કરું છું. દેવી લક્ષ્મી તેમના આશીર્વાદથી મારા પર કૃપા કરે

તાં મ આવહ જાતવેદો લક્ષ્મીમનપગામિની''મ્।
યસ્યાં હિરણ્યં વિંદેયં ગામશ્વં પુરુષાનહમ્॥

હે ભગવાન અગ્નિ, મને દેવી લક્ષ્મી આપો જે ક્યારેય છોડતી નથી. જો તે પ્રસન્ન થાય તો મને સોનું, ગાય, ઘોડા અને સેવકો મળે.

અશ્વપૂર્વાં રથમધ્યાં હસ્તિના''દપ્રબોધિનીમ્।
શ્રિયં દેવીમુપહ્વયે શ્રીર્મા'' દેવીજુષતામ્॥

હું શ્રીદેવીનું આહ્વાન કરું છું, કે જેની સામે ઘોડો છે, મધ્યમાં રથ છે, જે હાથીના અવાજથી પ્રસન્ન થાય છે, જેનું તેજ બધાને પ્રકાશિત કરે છે, અને આશીર્વાદ આપે છે. તે પ્રતાપી શ્રી દેવી અમારા પર પ્રસન્ન થાઓ

કાં સોસ્મિતાં હિરણ્યપ્રાકારામાર્દ્રાં જ્વલંતીં તૃપ્તાં તર્પયંતીમ્।
પદ્મે સ્થિતાં પદ્મવર્ણાં તામિહોપહ્વયે શ્રિયમ્॥

મનમોહક સ્મિત ધરાવનાર, સુવર્ણ જેવા તેજસ્વી રંગની તૃપ્તિથી પ્રસરતી, નિત્ય સંતુષ્ટ અને ભક્તોની મનોકામનાઓ પૂર્ણ કરનાર, કમળ પર બિરાજમાન અને કમળનો રંગ ધરાવનાર શુભ દેવી શ્રીનું હું આહ્વાન કરું છું.

યુગ પરિવર્તનને ઘણા ઘણાં પરિવર્તનો કરી નાખ્યા અને એને કારણે પતિ પત્ની ઘર ગૃહસ્થી કરતા અન્ય વાતને વધુ મહત્વ આપવા લાગ્યા છે. આજકાલ તો ઘરમાં હવે ઉમરા જોવા મળતા નથી! અને એને કારણે બે રોકટોક ઘરમાં બધી જ વસ્તુઓ પ્રવેશી જાય છે. ઉમરામાં મહાલક્ષ્મી નો વાસ છે એવી આપણે ત્યાં એક માન્યતા છે અને એટલે જ ઘરની ગૃહલક્ષ્મી રોજ ઉંબરે પૂજા કરી ને એટલે સ્વસ્તિ કરીને મહાલક્ષ્મીને પ્રાર્થના કરે છે કે હે મા તું લક્ષ્મી સ્વરૂપે જ મારા ઘરમાં પ્રવેશ કરજે, એટલે કે નીતિનું ધન મારા ઘરમાં આવે અને એને કારણે અમારી સુખ શાંતિ યથાવત રહે! આ ઉપરાંત સ્વસ્તિકનો અર્થ ચારે દિશામાં થી આવનારો ધન ચારે દિશામાં એટલે કે સૌના મંગલ માટે વપરાય એવી પણ એક મંગળકામના હોય છે. સમય આગળ આગળ ચાલતું ગયો અને આ બધા જ મૂલ્યો ધોવાઈ ગયાં. આદ્યતન આર્કિટેક કલ્ચર ને કારણે મોટા મોટા ઉંબર ગયા એ તો સમજી શકાય છે, પણ મનમાંથી આ ભાવ પણ ગયો, એટલે કે નીતિના રૂપિયા જ સુખ શાંતિ આપી શકે, એ ભાવ જવાથી મૂળમાં ઘર ગૃહસ્થી વિખરાઈ ગઈ. આજના સમયમાં સારી રીતે જીવવા બેશક રૂપિયા એટલે કે ધન જોઈએ! પણ એ આવનારું ધન આપણને કેટલી હદે સુખ શાંતિ આપી શકે છે, એ વિચારવું પણ એટલું જ આવશ્યક છે. એટલે કે કોઈ વાર એવું થતું હોય કે આપણી પાસે ધન પર્યાપ્ત હોય, પણ હજી વધુની આપણી ખોટી જીદને કારણે પણ ઘર તૂટતાં હોય. અથવા તો એનું પણ ઘર છે! એણે પણ બે જવાબદારી સ્વીકારવી જોઈએ, હું એક જ શું કામ દર વખતે જતું કરું! એવી અન્યોન્યની માનસિકતા પણ ઘર તોડે છે. તો માત્ર રૂપિયાથી સુખ શાંતિ અને સંતોષ મળતા હોય તો આજના યુવાનો તો ઢગલા મોઢે રૂપિયા કમાય છે! અને ભૌતિક રીતે સાધન સંપન્ન પણ છે. રૂપિયા ભૌતિક સુખ સગવડ કે સાધન સંપન્નતા વધારી શકે પરંતુ એનાથી સંતોષ નામનો પારસમણી પ્રાપ્ત થતો નથી એ તો દરેક વખતે નીતિનો અમલ કરીને સમય સંબંધ અને સંજોગ સાથે ડગલાં ભર્યા હોય તો જ આ સંસાર નામના ત્રણેય ખૂણા સંતુલિત રહે. એટલે કે ધનની ઈચ્છા સાથે સાથે એ ધન આપણાં નૈતિક મૂલ્યોની જવાબદારી જાળવી રાખે તો એ લક્ષ્મીનું શુદ્ધ સ્વરૂપ છે અને એનાથી આપણું તથા અન્યનું મંગલ જ થાય ! આવી સર્વમંગલ માંગલ્યે શિવે સર્વાર્થ સાધિકે જેવી ભાવના જ આપણી ધન ની કમીને પૂરી કરી શકે છે, એ વાત યાદ રાખવી. જીવનમાં નૈતિકતા ધોવાઈ જાય ને અને ઉગતા સૂરજની જેમ આપણું જીવન પણ રોજ અવનવી રીતે ક્રાંતિ કરે અને આવનારો સમય આપણી તેમજ અન્ય માટે હજી પણ વધુ શુભદાળી અને સુખકારી હોય એવી એક અનન્ય પ્રાર્થનામાં ભગવતી ને ચરણે રાખી હું મારા શબ્દોને આજે એ જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# મા અંબે આરાસુરવાળી રે રંગમાં રંગતાળી મા કાળી તે પાવાવાળી રે રંગમાં રંગતાળી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા





નવરાત્રિના શક્તિ ઉપાસનાના દિવસો સડસડાટ પસાર થઈ રહયા છે.સરકારે મોડી રાત સુધી ગરબા ગાવા રમવાની છૂટ પોલીસ તંત્રને આપી ખેલૈયાઓના ઉત્સાહ ઉમંગમાં વધારો કર્યો તો ફિક્સ પગારદારોને ગુજરાત સરકારે પગારમાં વૃદ્ધિ કેન્દ્રીય કર્મચારી ઓને ચાર ટકા મોઘવારી ભથ્થુ વધારી આપ્યું છે. આ વર્ષે નવેનવ નોરતાં હોવાથી ખેલૈયા ઓમાં આમેય ભારે ઉત્સાહ જોવા મળે છે. આસોની નવરાત્રિ એટલે આમ તો મૂલતઃ સાધનાનું પર્વ નવરાત્રિ દરમિયાન માતાજીએ નવ દિવસ સુધી અલગ-અલગ સ્વરૂપો ધારણ કર્યા હતા.નવરાત્રિના પાવન દિવસો દરમિયાન જો પૂર્ણ આસ્થા અને શ્રદ્ધા સાથે માતાજીની પૂજા- અર્ચના અને આરાધના કરવામાં આવે તો ખૂબ જ લાભ થાય છે.માતાજીના અલગ-અલગ સ્વરૂપોની પૂજા અને આરાધના કરવાથી સિદ્ધિઓ અને ફળ પ્રાપ્ત થાય છે. આજે નવરાત્રિનો છઠ્ઠો દિવસ છે.છઠ્ઠા નોરતે મહાશક્તિ એ કાત્યાયની સ્વરૂપ ધારણ કર્યુ હતું. માતાદુર્ગાના કાત્યાયની સ્વરૂપ નો ઘણો મહિમા છે માતાજીનું નામ કાત્યાયની પડ્યું તે અંગે એક કથા છે. કત નામના એક મહર્ષિ હતા અને તેમના પુત્ર ઋષિ કાત્ય થયા. કાત્યઋષિએ માતાજગદંબાની ઉપાસના કરતાં ઘણાં વર્ષો સુધી ઘોર તપસ્યા કરી હતી. ઋષિ કાત્યની ઈચ્છા હતી કે માતાજી તેમના ઘરે દીકરી સ્વરૂપે પધારે. ઋષિ કાત્યની તપસ્યાથી પ્રસન્ન થઈને માતા ભગવતીએ તેમની પ્રાર્થના સ્વીકારી લીધી.મહર્ષિ કાત્યાયનના ઘરે માતાજી પુત્રીના રૂપે જન્મ્યા હતાં. અશ્વિન કૃષ્ણ ચતુર્દશીના જન્મ લઈને શુક્ત સપ્તમી, અષ્ટમી તથા નવમી સુધી ત્રણ દિવસ કાત્યાયન ઋષિની પૂજા ગ્રહણ કરીને દશમીના દિવસે મહિષાસુરનો વધ કર્યો હતો.

ભગવાન કૃષ્ણને પતિના રૂપમાં મેળવવા માટે ગોપીઓએ મા કાત્યાયનીની પૂજા કાલિન્દી યમુનાના કિનારે કરી હતી. માતાજી બ્રહ્મમંડલની અધિષ્ઠાત્રિ દેવીના રૂપમાં પ્રતિષ્ઠિત છે. અન્ય એક કથા અનુસાર જ્યારે મહિષા સુરનો અત્યાચાર પૃથ્વી પર વધી ગયો ત્યારે ભગવાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એટલે ભગવાન મહાદેવ ત્રણેય દેવોએ પોતપોતાના તેજનો અંશ આપીને મહિષાસુરના વિનાશ માટે દેવીને ઉત્પન્ન કર્યાં. મહર્ષિ કાત્યાયને સૌથી પહેલાં આ સ્વરુપની પૂજા કરી હતી અને એટલા માટે માતાજી કાત્યાયની નામથી ઓળખાયામા કાત્યાયનીનું સ્વરૂપ ખૂબજ જાજરમાન અને માતાજીનું તેજ પણ અનન્ય છે. માતાજીને ચાર ભૂજાઓ છે.માતા જીની જમણી તરફનો ઉપર વાળો હાથ અભયમુદ્રામાં છે.તેમજ નીચે વાળો હાથ વરમુદ્રામાં છે.ડાબી બાજુના ઉપરવાળા હાથમાં તલવાર અને નીચેવાળાહાથમાં કમળ અને પુષ્પ સુશોભિત છે. માતાજીનું વાહન સિંહ છે.માતા કાત્યાયનીની ભક્તિ કરવાથી મનુષ્યને ખૂબજ સરળતાથી ધર્મ, અર્થ,કામ અને મોક્ષ ચારેય ફળો ની પ્રાપ્તિ થાય છે. મા કાત્યાયની ની પૂજા, અર્ચના, અને આરાધના કરતા ભક્તને આ લોકમાં પણ અલૌકિક તેજ અને પ્રભાવ પ્રાપ્ત થાય છે.તો સાથે જ જે કોઈ ભક્ત સાચા મનથી યાદ કરે છે તેમના રોગ, ભય, સંતાપ, અને શોક વગેરે દૂર થઈ જાય છે. જન્મજન્માંતરના પાપોમાંથી મુક્તિ મેળવવા માટે અને તે પાપોને વિનષ્ટ કરવા માટે માતા કાત્યાયનીના શરણે જઈ તેમની પૂજા અને ઉપાસના કરવીજોઈએ નવરત્રિના છઠ્ઠા દિવસે માતાજીના કાત્યાયની સ્વરૂપની ઉપાસના કરવામાં આવે છે.એ દિવસે સાધકનું મન આજ્ઞાચક્રમાં સ્થિર હોય છે. યોગસાધનાની અંદર આજ્ઞાચક્રનું ખૂબ જ મહત્વ હોય છે.આ ચક્રમાં સ્થિત રહેનાર સાધકમાં કાત્યાયનીના ચરણોમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરી દે છે. તેથી પરિપૂર્ણ આત્મદાન કરનાર આવા ભક્તોનેસહજ ભાવથી માના દર્શન થાય છે. રંગતાળી રંગતાળી રે રંગમાં..

રંગતાળી રંગતાળી રંગતાળી રે રંગમાં રંગતાળી
મા ગબ્બરના ગોખવાળી રે રંગમાં રંગતાળી
મા ચાચડના ચોકવાળી રે રંગમાં રંગતાળી
મા મોતીઓના હારવાળી રે રંગમાં રંગતાળી
મા ઘીના દીવડાવાળી રે રંગમાં રંગતાળી
મા ચુંવાળના ચોકવાળી રે રંગમાં રંગતાળી
મા અંબે આરાસુરવાળી રે રંગમાં રંગતાળી
મા કાળી તે પાવાવાળી રે રંગમાં રંગતાળી
મા કલકત્તામાં દિસે કાળી રે રંગમાં રંગતાળી
મા અમદાવાદે ભદ્રકાળી રે રંગમાં રંગતાળી
મા દૈત્યોને મારવાવાળી રે રંગમાં રંગતાળી
મા ભક્તોને મન વહાલી રે રંગમાં રંગતાળી
માએ કનકનો ગરબો લીધો રે રંગમાં રંગતાળી
તેમાં રત્નનો દીવડો કીધો રે રંગમાં રંગતાળી
માંહી બત્રીસ બત્રીસ જાળી રે રંગમાં રંગતાળી
માંહી નાના તે વિધની ભાત રે રંગમાં રંગતાળી
માએ શણગાર સજ્યા સોળે રે રંગમાં રંગતાળી
મા ફરે રે કંકુડાં ઘોળી રે રંગમાં રંગતાળી
માને નાકે શોભે સોનાની વાળી રે રંગમાં રંગતાળી
ક્યાંય મળતી નથી જોડ તેની રે રંગમાં રંગતાળી
માની ઓઢણીમાં વિવિધ ભાત્યું રે રંગમાં રંગતાળી
ભટ્ટ વલ્લભને જોયાની ખાંત્યુ રે રંગમાં રંગતાળી
રંગતાળી રંગતાળી રંગતાળી રે રંગમાં રંગતાળી મોજથી મજા માણો.આજે શુક્રવારે છઠ્ઠા નોરતાંની શક્તિની આરાધના ઉપાસના ફળદાયી નિવડે તેવી શુભેચ્છા.

# સાવધાન ફુગાવાનો ફુગ્ગો છેતરામણો




રિટેલ ફુગાવો સપ્ટેમ્બરમાં ઘટીને ૫.૦૨ ટકાની ત્રણ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો, એ જાણીને કદાચ આપે રાહત અનુભવી હશે! હજુ આ સોમવારે જાહેર થયેલો હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સ તો સતત છઠ્ઠા મહિને માઇનસમાં રહ્યો, સપ્ટેમ્બરમાં તે -૦.૨૬ ટકા નોંધાયો. સરકારી ડેટા કહે છે કે ખાસ કરીને ખાદ્ય પદાર્થોના ભાવ ઘટાડાને કારણે ફુગાવો ઘટ્યો છે. અહીં સવાલ એ છે કે શું મોંઘવારી ઓછી થઈ હોય એવું તમને લાગે છે? જવા દો એ વાત. અલબત્ત ઈએમઆઈ, એટલે કે માસિક હપ્તાની ચુકવણી કરનારા તો ઈન્ફલેશનનાૉ ઘટાડાના સમાચારથી રાજીના રેડ થઈ ગયા છે અને એમ માનીને હરખાઈ રહ્યાં છે કે, હાશ, હવે વ્યાજદરના વધારાની આફત ટળી, આ વાત ઉપરછલ્લી રીતે તો સાચી છે પરંતુ અર્થશાસ્ત્રીઓ ચેતવણી આપી રહ્યાં છે કે ફુગાવાનો ફુગ્ગો છેતરામણો હોય છે. એ ફુસ્સ નથી થયો અને ગમે ત્યારે એમાં ફરીથી, નવેસરથી હવા ભરાઈ શકે છે. અર્થશાસ્ત્રીઓ કહે છે કે કધઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ આધારિત સીપીઆઈ ફુગાવાને હળવો થવાથી થોડી રાહત અવશ્ય મળી છે, પરંતુ ફુગાવો ફરી સ્પ્રિંગની માફક ઉછળી શકે છે. આગળ હજુ પણ ઘણા પડકારો છે જે ફુગાવા પર દબાણ લાવી શકે છે. આ મહિનાની શરૂઆતમાં નાણાકીય નીતિ સમિતિની તાજેતરની બેઠકમાં, ભારતીય રિઝર્વ બૅંકના ગવર્નર શક્તિકાંતા દાસે ફુગાવા સંદર્ભે કેટલીક કડક અને સ્પષ્ટ વાતો કરી હતી, જેના પર ધ્યાન આપીએ તો અર્થતંત્ર અંગેની ઘણી બાબતો વધુ સ્પષ્ટ સમજાશે.તેમણે કહ્યું હતું કે, હું ભારપૂર્વક પુનરોચ્ચાર કરવા માગુ છું કે, અમારો ફુગાવાનો લક્ષ્યાંક ચાર ટકા છે. ધ્યાન રહે કે લક્ષ્યાંક બે થી છ ટકાનો નથી.

# કોણ કહે છે કે શણગાર કરવો એ માત્ર મહિલાઓનું કામ છે?ક્યારેય આવું જોયું છે?

સિદ્ધાર્થ બત્રા, શક્તિ સિંહ યાદવ, દીપ ઠાકરે, અંકુશ બહુગુણા અને શાંતનુ ધોપે. છેવટે આ બધામાં શું સામાન્ય છે? બે વસ્તુ છે. સૌપ્રથમ તે બધા જાણીતી હસ્તીઓ અને સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર છે. બીજી વાત એ છે કે આ બધા મેક-અપ મહિલાઓની જેમ જ ભારે કરે છે, હકીકતમાં તેમને જોયા પછી આજે સોશિયલ મીડિયામાં એવું કહેવામાં આવી રહ્યું છે કે કોણ કહે છે કે મેક-અપ ફક્ત મહિલાઓનું જ કામ છે? વાસ્તવમાં થોડા વર્ષો પહેલા પ્રખ્યાત ફૂટબોલ ખેલાડી ડેવિડ બેકહામ એક લવ મેગેઝીનના કવર માટે આઈલાઈનર પહેરીને ફોટો પડાવ્યો હતો. જેથી સમગ્ર વિશ્ર્વમાં હોબાળો મચી ગયો હતો. પરંતુ આજે લગભગ દરેક વ્યક્તિ જાણે છે કે કેમેરાની સામે રહેતો દરેક પુરૂષ એ જ રીતે પોશાક પહેરે છે જે રીતે સ્ત્રીઓ સદીઓથી પોશાક પહેરતી આવી છે.

પરંતુ આનો અર્થ એ નથી કે માત્ર એવા પુરુષો જ ડ્રેસ અપ કરે છે જેમની વ્યાવસાયિક મજબૂરી હોય. વાસ્તવિકતા એ છે કે આજે ૭૦ ટકાથી વધુ પુરૂષો ક્યાંક જતા પહેલા મહિલાઓની સાજ-શણગાર કરે છે.

ભારત જેવા દેશમાં પણ ઓફિસ જતા ૯૦ ટકા યુવાનો પાસે પોતાનું પરફ્યુમ હોય છે. ૭૦ ટકાથી વધુ પુરૂષો તેમની આઈબ્રોઝ સેટ કરે છે અને સ્ત્રીઓની જેમ ચહેરાનો ભેજ જાળવવા માટે સૌંદર્ય ઉત્પાદનોનો ઉપયોગ કરે છે. વાત માત્ર ઉત્પાદનોના ઉપયોગની જ નથી બ્રિટનમાં એક સંશોધનમાં સામે આવ્યું છે કે મહિલાઓની સરખામણીએ પુરૂષો પોતાને શણગારવામાં વધુ સમય લે છે.



બ્રિટિશ મહિલાઓ સામાન્ય રીતે ક્યાંક જતા પહેલા ડ્રેસ અપ કરવામાં સરેરાશ ૫૫થી ૬૦ મિનિટ લે છે. જ્યારે પુરુષો ૭૫થી ૮૫ મિનિટ લે છે. ડેઈલી મેઈલમાં છપાયેલા આ અહેવાલ મુજબ સ્ત્રીઓ દર મહિને ૪૦થી ૫૦ પાઉન્ડ ગ્રૂમિંગ પ્રોડક્ટ્સ પાછળ ખર્ચે છે, ત્યારે પુરુષો પણ પાછળ નથી. પુરુષો પણ દર મહિને સરેરાશ ૪૦થી ૪૫ પાઉન્ડ ખર્ચેછે.એકંદરેજ્યારેમાવજતનીવાતઆવેછેત્યારે પુરુષો અને સ્ત્રીઓ લગભગ સમાન પૃષ્ઠ પર હોય તેવું લાગે છે. આજે સ્ત્રીઓની જેમ, સફાઈ, ટોનિંગ અને મોઈશ્ચરાઈઝિંગ પુરુષો માટે ગમે ત્યાં જતા પ હેલા આવશ્યક પ્રવૃત્તિઓ છે. ઘણા પુરુષો ખાસ કરીને લાઈમલાઈટ જોબમાં નિર્ણાયક રીતે ડ્રેસ પહેરતા પહેલા, બે કે ત્રણ ડ્રેસ બદલી નાખે છે અને અરીસામાં જુએ છે કે તેઓ વધુ આકર્ષક લાગે છે. સાચી વાત તો એ છે કે પુરૂષોમાં આ આદતો એટલી હદે વધવા લાગી છે કે ઘણી સ્ત્રીઓ આવા પુરૂષોથી ખૂબ નારાજ થઈ રહી છે. માત્ર એટલા માટે નહીં કે પુરુષોમાં માવજત કરવાનો જુસ્સો સ્ત્રીઓ જેવો બની રહ્યો છે, પરંતુ તેમની મનોવિજ્ઞાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે.

અમેરિકામાં થયેલા એક રિસર્ચ અનુસાર છોકરીઓ ઈચ્છે છે કે તેમની સામેનો પુરૂષ એક કલાકમાં ઓછામાં ઓછા બે વખત અલગ-અલગ બહાને તેમની પ્રશંસા કરે, નહીં તો તેઓ તેમની સુંદરતા પર શંકા કરવા લાગે છે. એ જ રીતે હવે છોકરાઓ પણ ઈચ્છે છે કે તેમની ગર્લફ્રેન્ડ થોડા સમય પછી જણાવે કે તેમનું શરીર કેટલું આકર્ષક છે. આનો મતલબ એ છે કે પુરુષોને માત્ર પોશાક પહેરવામાં જ આનંદ આવતો નથી, તેઓ તેમની સુંદરતા દ્વારા પ્રશંસા પણ મેળવવા માંગે છે.

એક સમય હતો જ્યારે એવું કહેવામાં આવતું હતું કે છોકરી ગમે તેટલી પસંદ હોય, તે વખાણથી પીગળી જાય છે અને વખાણ એ કોઈપણ છોકરીને આકર્ષવાનું સૌથી મોટું હથિયાર હતું. હવે આ માત્ર છોકરીઓ માટે જ નથી. છોકરાઓ પણ એવી છોકરીઓ તરફ આકર્ષાય છે જેઓ તેમના વખાણ કરે છે. ધીમે ધીમે છોકરાઓની વિચારસરણી બદલાઈ રહી છે કે છોકરીઓને રફ પુરુષો ગમે છે. જ્યારથી શાહરૂખ ખાન અને સલમાન ખાને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં છાતીના વાળ વેક્સ કરવાનું શરૂ કર્યું છે, ત્યારથી પુરૂષો રફ હોવા જોઈએ જેથી તેઓ છોકરીઓની પસંદગી બની શકે તેવી માન્યતા બદલાઈ ગઈ છે. આજે છોકરાઓ છોકરીઓના પ્રેમી બની રહ્યા છે અને છોકરીઓ પણ તેમને પસંદ કરી રહી છે. શું તે માત્ર આનંદ અને સાહસ છે? શું પુરુષો તેમની જૂની છબીથી કંટાળી ગયા છે અને સુંદર, સલૂન સ્વરૂપમાં દેખાવા માટે પ્રયત્નો કરી રહ્યા છે?

# અજબ ગજબની દુનિયા



તરસ્યો માણસ કૂવા પાસે જાય કે કૂવો તરસ્યા પાસે આવે? તરસ છીપાવવા તરસ્યાએ જ કૂવા પાસે જવાનું હોય ને તમે કહેશો. જોકે, આ અજબ દુનિયામાં ગજબ ઘટના બનતી જ હોય છે. એટલે કૂવો તરસ્યા પાસે ચાલીને ગયો હોય એવી ઘટના ઉત્તર પ્રદેશમાં બની છે. ઉત્તર પ્રદેશના ઝાંસી જિલ્લાના એક ગામની એક પ્રાથમિક શાળાના અમિત વર્મા નામના શિક્ષકે એવું પહેલ કરી છે જે 'તસ્મૈ શ્રી ગુરુવે નમઃ'ની ભાવનાને સાર્થક કરે છે. વાત એમ છે કે એક જ પરિવારની મીના અને ગજરાજ નામની ચોથા ધોરણમાં ભણતી બે બાલિકા અચાનક શાળાએ આવતા બંધ થઈ જતા શિક્ષક વર્માને આશ્ર્ચર્ય થયું. તપાસ કરતા જાણ થઈ કે બંને બાલિકા ઘરકામમાં મદદરૂપ થાય એ માટે તેમને નિશાળે નહોતા મોકલવામાં આવતી. વરિષ્ઠ શિક્ષકની પરવાનગી લઈ અમિત વર્મા ચોથા ધોરણના બધા વિદ્યાર્થીઓને લઈ મીનાના ઘરે પહોંચ્યા અને એના ઘરની બહાર જ ભણાવવાનું શરૂ કરી દીધું. શરૂઆતમાં આ પ્રયાસનો વિરોધ થયો, પણ મિસ્ટર વર્મા શિક્ષણનું મહત્ત્વ સમજાવતી કથા કહેવા લાગ્યા અને એમાં ગામવાસીઓને રસ પડવા લાગ્યો. અંતે એક દિવસ સોનાનો સૂરજ ઉગ્યો અને મીના ગજરાજ શાળાએ ભણવા આવવાની શરૂઆત થઈ. ઝાંસીના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટે મિસ્ટર વર્માની પ્રશંસા કરી છે. આજનો વિદ્યાર્થી દેશનું ભવિષ્ય છે અને અમિત વર્મા જેવા શિક્ષકની સંખ્યા વધે તો દેશનું ભાવિ કેવું ઉજજવળ બને એ સમજાવવાની જરૂર ખરી? ભારતીય સ્ત્રીને પરિણીત સ્ત્રીને મન મંગળસૂત્ર (એક સેરનું, બે સેરનું કે બે વાટકીવાળું કે પછી ફેન્સી)નો મહિમા અનેરો હોય છે. તાજેતરમાં મહારાષ્ટ્રના વાશિમ જિલ્લાના એક ગામમાં ચારો ચરતી વખતે ઘાસમાં પડેલું મંગળસૂત્ર ભેંસના પેટમાં પહોંચી ગયું. ૨૫ ગ્રામ વજનનું દોઢ લાખ રૂપિયાનું ઘરેણું ગાયબ થતા મહિલા બેબાકળી બની ગઈ અને નક્કી આ ભેંસ ગળી ગઈ એવું તારણ નીકળતા એને પશુઓની હોસ્પિટલ લઈ જવામાં આવી. મેટલ ડિટેકટરથી ખાતરી થયા પછી ડૉક્ટરોએ બે કલાક ભેંસનું ઓપરેશન કરી મંગળસૂત્ર બહાર કાઢ્યું. ભેંસને ૬૦ ટાંકા આવ્યા અને ડૉક્ટરોએ ચારો નીરતી વખતે લોકોને સજાગ રહેવાની અપીલ કરી. મેળાની મોજ, યુદ્ધનું બ્યુગલ મેળો ઉત્સવની ઉજવણીનું પ્રતીક છે.

# ડેન્ગ્યુ થયો છે? આ ઉપાય, માત્ર ત્રણ દિવસમાં સાજા થઈ જશો



ડેન્ગ્યુથી પીડિત દર્દી માત્ર ત્રણ દિવસમાં ફિટ થઈ જશે, તેણે આ ટિપ્સ ફોલો કરવાની છે. સીએચસીના ઈન્ચાર્જ ડો. દિનેશ ખત્રીએ કહ્યું કે, ડેન્ગ્યુ દરમિયાન દર્દીએ તેના શરીરમાં પાણીની કોઈ પણ પ્રકારની ઉણપ ન થવા દેવી જોઈએ. ચોમાસાએ થોડા સમય પહેલાં જ વિરામ લીધો છે. જ્યારે શિયાળો હવે ધીમે ધીમે વધી રહ્યો છે. ત્યારે ડેન્ગ્યુની બીમારી માથું ઉચકી રહી છે. એવામાં ડૉ.દિનેશ ખત્રીએ જણાવ્યું હતું કે, ડેન્ગ્યુથી બચવા માટે સૌ પ્રથમ સાવધાની રાખવી જરૂરી છે. ડેન્ગ્યુના મચ્છર દિવસ દરમિયાન જ કરડે છે, જ્યારે સાંજે ડેન્ગ્યુના મચ્છર કરડવાનો ભય નથી.

તેમણે કહ્યું કે ડેન્ગ્યુ મોટાભાગે ઝાડીઓમાં અથવા પાણીના પડમાં જોવા મળે છે. ડેન્ગ્યુ ઘરમાં રાખેલ કુલરમાંના ઘાસ જેવી ભેજવાળી જગ્યાઓ અને ઘરમાં રાખેલા ટાયર, પાણીની બોટલો, કચરો વગેરેમાં ડેન્ગ્યુના લાર્વા વિકસે છે. જ્યાંથી આ મચ્છરો ઉત્પત્તિ અને હુમલો કરે છે. આવી સ્થિતિમાં આ જગ્યાઓની સફાઈ કરીને ડેન્ગ્યુને ખતમ કરી શકાય છે. હાપુર સીએચસીના ઈન્ચાર્જ ડો. દિનેશ ખત્રીએ જણાવ્યું હતું કે ડેન્ગ્યુમાં દર્દીએ પ્લેટલેટ્સની ચિંતા ન કરવી જોઈએ. શરીરમાં પ્લેટલેટ્સ વધતા કે ઘટતા રહે છે. સામાન્ય તાવ કે ટાઈફોઈડ વખતે પણ તે ઉપર અને નીચે જતું રહે છે.

આવી સ્થિતિમાં દર્દીઓએ પ્લેટલેટની તપાસ કરાવવી જોઈએ નહીં. ડેન્ગ્યુથી પીડિત દર્દીઓએ તેમના પ્લેટલેટ્સ ત્યારે જ તપાસવા જોઈએ જ્યારે શરીર તૂટી રહ્યું હોય અથવા સાંધામાં દુખાવો થતો હોય અથવા આ સિવાય લોહી નીકળતું હોય. તે પછી જ દર્દીએ તેના પ્લેટલેટની તપાસ કરાવવી જોઈએ. ડેન્ગ્યુથી પીડિત દર્દીએ તેની પુષ્ટિ થાય તો ગભરાવું નહીં, પરંતુ સાવચેતી રાખવી જોઈએ. કોઈ પણ સંજોગોમાં દર્દીએ નજીકના મેડિકલ સ્ટોર અથવા ક્વેકમાંથી દવા લેવી જોઈએ નહીં. તેઓએ પહેલા સરકારી કે ખાનગી હોસ્પિટલમાં જઈને પોતાની તપાસ કરાવવી જોઈએ અને પછી જ કોઈ દવા લેવી જોઈએ.

## BOLLYWOOD NEWS FLASH

# શાહરૂખ ખાનની ડંકી અને પ્રભાસની સાલાર વચ્ચે ટક્કર



। મુંબઈ, તા.૧૯ ।

જ્યારથી પ્રભાસની 'સાલાર' ૨૨ ડિસેમ્બરે થિયેટરમાં રિલીઝ થવાની વાત આવી છે ત્યારથી તે સતત સમાચારોમાં છે કારણ કે તે જ દિવસે શાહરૂખ ખાનની ફિલ્મ 'ડંકી' પણ રિલીઝ થવા જઈ રહી છે. સાઉથ ઈન્ડિયન સિનેમાના જાણીતા અભિનેતા પૃથ્વીરાજ સુકુમારન, જે પ્રભાસ અભિનીત ફિલ્મ 'સાલાર' નો ભાગ છે અને હવે તેને બોક્સ ઓફિસ પર 'સાલાર' અને 'ડંકી' વચ્ચેની ટક્કર પર પ્રતિક્રિયા આપી છે. સાલારમાં પૃથ્વીરાજ સુકુમારન વર્ધારાજા મન્નારની ભૂમિકા ભજવી રહ્યા છે. સોમવાર એટલે કે ૧૬મી ઓક્ટોબરે તેમના જન્મદિવસના અવસર પર, સાલાર મેકર્સે તેમનું અદભૂત પોસ્ટર રિલીઝ કર્યું.તેના લુકને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. સુકુમારન હાલમાં લદાખમાં તેની ફિલ્મ ન૨નું શૂટિંગ કરી રહ્યો છે. ૩ મહિના પહેલા એક અકસ્માતમાં તેને ઘૂંટણમાં ઈજા થઈ હતી, જેમાંથી તે હવે સાજો થઈ ગયો છે. આ બધા વચ્ચે તેણે કહ્યું કે તે સાલાર અને ડંકી વચ્ચે થવા જઈ રહેલ ટક્કરથી ઘણો ખુશ છે. પ્રભાસની ફિલ્મ સાલારના નિર્માતાઓ દર્શકોની ઉત્તેજના વધારવા માટે દરેક કાર્ડ ખોલી રહ્યા છે.

# પૃથ્વીરાજનો ફર્સ્ટ લૂક સોશિયલ મીડિયામાં વાયરલ





। મુંબઈ, તા.૧૯ ।

પ્રભાસની મોસ્ટ અવેટેડ ફિલ્મ સાલારનો ક્રેઝ ચાહકોના માથા ઉપર જઈ રહ્યો છે. મેકર્સે સાઉથના સુપરસ્ટાર પૃથ્વીરાજ સુકુમારનનો ફર્સ્ટ લૂક તેમના ૪૧માં જન્મદિવસ પર શેર કર્યો હતો. ફિલ્મમાં પૃથ્વીરાજ વર્ધારાજા મન્નારની ભૂમિકા ભજવી રહ્યો છે. ફેન્સને એક્ટરનો ફર્સ્ટ લૂક ખૂબ જ પસંદ આવી રહ્યો છે. અભિનેતાના નવા લુકથી ચાહકોની ઉત્સુકતા વધી ગઈ છે. સલારનું નિર્દેશન પ્રશાંત નીલ દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મ ૨૨ ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થશે. જણાવી દઈએ કે રીલીઝ થયેલા પોસ્ટરમાં પૃથ્વીરાજ ડેશિંગ અવતારમાં જોવા મળે છે. એમને ગળામાં શાલ સાથે કાળો ડ્રેસ પહેર્યો છે અને તેના કપાળ પર કાળું તિલક લગાવ્યું છે આ સાથે જ નાકની રિંગ પહેરી છે. આ પોસ્ટરના કેપ્શનમાં લખ્યું છે કે, ''હેપ્પી બર્થ ડે ટુ 'વર્ધારાજા મન્નાર' ધ કિંગ @PrithviOfficial.ફિલ્મમાં તે રાજા મન્નરના પુત્ર વર્ધારાજા મન્નારની ભૂમિકા ભજવશે. 'ફિલ્મનું પોસ્ટર શેર કરતી વખતે, અભિનેતાએ ફિલ્મ નિર્માતા પ્રશાંત નીલ, પ્રભાસ અને સમગ્ર ટીમનો આભાર માન્યો. હું આ ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યો છું. ફિલ્મમાં પૃથ્વીરાજ અનોખા અંદાજમાં જોવા મળશે. ફેન્સ અભિનેતાના દમદાર લુકના વખાણ કરતા થાકતા નથી. મહત્વનું છે કે સાલારમાં પ્રભાસ, શ્રુતિ હાસન, ટીનુ આનંદ, શ્રિયા રેડ્ડી, જગપતિ બાબુ મુખ્ય ભૂમિકામાં છે. સલાર હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડ ભાષાઓમાં રિલીઝ થશે. પ્રભાસના ફેન્સ આ એક્શન થ્રિલરની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. અગાઉ,નિર્માતાઓએ જાહેરાત કરી હતી કે આ ફિલ્મ ૨૮ સપ્ટેમ્બરે રિલીઝ થશે.



# પ્રભાસની સાલાર પાર્ટ ૧ની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, ફિલ્મ રિલીઝ ડેટ મોકૂફ થવાના સમાચાર દરરોજ આવી રહ્યા છે

। મુંબઈ, તા.૧૯ ।

પ્રભાસની સાલારમાં જોવા મળશે મીનાક્ષી ચૌધરી. પ્રભાસની સાલાર પાર્ટ ૧ની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. જો કે, ફિલ્મની રિલીઝ ડેટ મોકૂફ થવાના સમાચાર દરરોજ આવી રહ્યા છે. અમે તમને આ હાઈ બજેટ ફિલ્મના લીડ સ્ટાર્સમાંથી એક વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જે વ્યવસાયે ડેન્ટિસ્ટ છે. જ્યારે તેના પિતા લશ્કરી પૃષ્ઠભૂમિમાંથી આવે છે.

આ બીજું કોઈ નહીં પણ અભિનેત્રી મીનાક્ષી ચૌધરી છે. મીનાક્ષી ચૌધરીની ગણતરી સાઉથની ટોચની અભિનેત્રીઓમાં થાય છે. તેલુગુ ફિલ્મોની લાઈફ મીનાક્ષી ચૌધરી વ્યવસાયે મોડલ અને બ્યૂટી કોન્ટેસ્ટની વિજેતા રહી છે. વાસ્તવમાં, તેણે ફેમિના મિસ ઈન્ડિયા ૨૦૧૮માં હરિયાણાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. જ્યારે તે મિસ ગ્રાન્ડ ઈન્ટરનેશનલની પ્રથમ રનર અપ રહી હતી. વર્ષ ૨૦૨૧ માં, તેણીએ સાઉથ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો. તે ઘણા સાઉથ સુપરસ્ટાર્સ સાથે સ્ક્રીન શેર કરતી જોવા મળી હતી.

આ સિવાય તે આગામી ફિલ્મ સાલાર પાર્ટ ૧ સીઝફાયરમાં પણ ખાસ ભૂમિકા ભજવતી જોવા મળશે. અંગત જીવનની વાત કરીએ તો મીનાક્ષી ચૌધરીના દિવંગત પિતા બીઆર ચૌધરી ભારતીય સેનામાં કર્નલ હતા.

# સની દેઓલે પોતાનો ૬૬મા જન્મદિવસની ઉજવણી કરી



। મુંબઈ, તા.૧૯ ।

બૉલિવુડ એક્ટર સની દેઓલ આજે એટલે કે ૧૯ ઓક્ટોબરે પોતાનો ૬૬મો જન્મદિવસ ઉજવી રહ્યો છે. તેણે પોતાના કરિયરમાં ઘણી હિટ ફિલ્મો આપી છે. હાલમાં જ સની દેઓલની ફિલ્મ ગદર ૨ રિલીઝ થઈ હતી. જેણે બૉક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. આ પ્રખ્યાત અભિનેતાએ ખ્યાતિની સાથે ઘણી સંપત્તિ પણ કમાઈ છે. સની દેઓલના જન્મદિવસ પર, આવો જાણીએ કે તેમની કુલ નેટવર્થ કેટલી છે. રિપોર્ટ્સ મુજબ સની દેઓલની કુલ સંપત્તિ ૧૩૦ કરોડ રૂપિયા છે. તે દરેક ફિલ્મ માટે લગભગ ૧૦-૧૫ કરોડ રૂપિયા ચાર્જ કરે છે. આ સિવાય તેઓ દરેક એડ માટે ૨થી ૩ કરોડ રૂપિયા પણ લે છે. સની દેઓલની માસિક કમાણી ૧ કરોડ રૂપિયા છે અને તે મુજબ તે વર્ષમાં લગભગ ૧૨ કરોડ રૂપિયા કમાય છે. આ સિવાય દેઓલ્સ પરિવારનું પોતાનું પ્રોડક્શન હાઉસ વિજયતા ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડ છે. જેના પરથી બેતાબ, ઘાયલ, બરસાત જેવી ફિલ્મો બની હતી. અભિનેતાએ આમાંથી સારી એવી કમાણી પણ



# કાજલ અગ્રવાલની તસવીરો થઈ આગની જેમ વાયરલ



। મુંબઈ, તા.૧૯ ।

કાજલ અગ્રવાલ સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. અભિનેત્રી ચાહકોને અપડેટ કરવા માટે તેના લેટેસ્ટ ફોટા અને વીડિયો શેર કરતી રહે છે. કાજલની પોસ્ટને ચાહકો ખૂબ પસંદ કરે છે અને યુઝર્સ પણ તેના પર ઘણો પ્રેમ વરસાવે છે. તાજેતરમાં જ તેણે તેના સોશિયલ મીડિયા પર તેના લેટેસ્ટ ફોટા શેર કર્યા છે, જે ઈન્ટરનેટ પર ટ્રેન્ડ કરી રહ્યાં છે. કાજલ અગ્રવાલે તાજેતરમાં તેના ઈન્સ્ટાગ્રામ પર તેના લેટેસ્ટ ફોટા શેર કર્યા છે. આ તસવીરોમાં એક્ટ્રેસનો અલગ જ લુક જોઈ શકાય છે. આ તસવીરો શેર કરતી વખતે અભિનેત્રીએ કેપ્શનમાં લખ્યું, **Berry much?** તો બીજી તરફ, આ ફોટા માટે અભિનેત્રીએ મલ્ટીકલર્ડ આઉટફિટ પહેર્યું છે, જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. આ સાથે અભિનેત્રીએ લાઈટ મેકઅપ પહેર્યો છે, જે તેના લુકને વધુ નિખારે છે. હવે યુઝર્સ અભિનેત્રીના લુક પર તેમની પ્રતિક્રિયા આપી રહ્યા છે. તેના પર કોમેન્ટ કરતાં એક યુઝરે લખ્યું કે તમે ખૂબ જ સુંદર લાગી રહ્યા છો.

# ઝાલોદ નગરના હાથલારી અને રસ્તા પર વ્યાપાર કરનાર વ્યાપારીઓ દ્વારા રોજગારના મુદ્દે ટ્રાફિક જામ કરાયું

## ડી.વાય.એસ.પી પટેલ અને પી.એસ.આઇ રાઠવા દ્વારા તહેવારોને અનુલક્ષી ટ્રાફિક જામ ન થાય તે રીતે વ્યાપાર કરવા છૂટ અપાઈ



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૯ ।

નગરમાં ૧૮-૧૦-૨૦૨૩ બુધવારના રોજ દાહોદ જિલ્લા પોલિસ દ્વારા ઝાલોદ પોલીસને સાથે રાખી ટ્રાફિક અવેરનેસ માટે ડ્રાઈવ યોજવામાં આવી હતી.આ ડ્રાઈવ દરમ્યાન હાથલારી પર વ્યાપાર કરી રોજગાર કરી ગુજરાન ચલાવનાર વ્યાપારીઓને હઠાવવામા આવેલ હતા. તેથી નાના વ્યાપારિયોને રોજગાર છીનવાઈ જતા સહુ આજરોજ ૧૯-૧૦-૨૦૨૩ ના રોજ ગામડી ચોકડી પર ભેગા થયેલ હતા.

રોજગારના કાયમી નિકાલ માટે નાના વ્યાપારિયો ભેગા થઈ ગામડી ચોકડી પર બેસી જઇ ટ્રાફિક જામ કરી દીધેલ હતું. આ ટ્રાફિક જામમાં અટવાઈ જતા ચારે બાજુ વાહનોની લાંબી લાઈન લાગી ગયેલ હતી. આસરે એક થી દોઢ કલાક સુધી ગામડી ચોકડી પર ચક્કાજામ થઈ ગયેલ હતું. ચક્કાજામ થઈ જતાં નગરના ડી.વાય.એસ.પી અને પી.એસ.આઈ સહિત પોલીસનો સ્ટાફ ગામડી ચોકડી પર આવી પહોંચેલ હતું.

પોલિસ દ્વારા આગામી તહેવારોમાં ટ્રાફિકને નડતર ન થાય તે રીતે સહુ નાના દુકાનદારોને ઉભા રહેવા જણાવેલ આ વાત થી સહુ હાથલારી લઈ વ્યાપાર કરતા વ્યાપારિયો સંમત થયેલ હતા તેથી નાના વ્યાપારિયોમાં યોગ્ય સમાધાન થયેલ જોવા મળતા ખુશી જોવા મળતી હતી. પોલિસ તંત્ર દ્વારા ટ્રાફિક ક્લિયર કરાવી સહુ વ્યાપારિયોને વેપાર કરવા જાય તેવો આગ્રહ કરતા સહુ સુખદ સમાધાનને લઈ છૂટા પડેલ હતા.

# જસદણમાં મનસુરભાઈ પટેલને ડો.સૈયદના સાહેબએ હદિયતની નવાઝીસ કરી

હુસામુદીન કપાસી

। જસદણ, તા.૧૯ ।



જસદણની સાંકડી શેરી, વ્હોરાવાડમાં રેહતાં દાઉદી વ્હોરા મનસુરઅલી મોહંમદઅલી પટેલની વર્ષોની સેવા બિરદાવી તાજેતરમાં સૌરાષ્ટ્રની સફરમાં આવેલ દાઉદી વ્હોરા સમાજના ત્રેપનમાં દાઈ (સર્વોચ્ચ ધર્મગુરુ) નામદાર ડો. સૈયદના આલીકદર મુફદલ સૈફુદીન (ત.ઉ.શ.) એ મનસુરભાઈ ને હદિયતના શર-ફથી નવાજીશ કરતાં તેમને વિવિઘ સંસ્થાઓ,આગેવાનોઅનેસમાજના કાર્યકરો દ્વારા અભિનંદન સાથે શુભેચ્છા વર્ષા થઈ રહી છે. મનસુરભાઈ પટેલ જસદણ જુમાતમાં પોતાનાં પિતાના પગલે વર્ષોથી સેવા આપી રહ્યા છે ખાસ કરીને તેઓ મરસીયા, માતમીનોહા, વગેરે કલામ પઢવાનું કામ સમાજમાં વર્ષોથી કરે છે તેઓએ ભુતકાળમાં સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં ઘણાં ગામોમાં પણ આ સેવા આપી છે ત્યારે ડો. સૈયદના સાહેબ એ હદિયતના શરફની નવાજીશ કરતાં જસદણ સહીત સૌરાષ્ટ્રના અનેક ગામોથી મુબારકબાદીની વર્ષા થઈ રહી છે.

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી દ્વારા એક દિવસીય યોગ સેમિનારનું આયોજન કરાયું





। ઝાલોદ, તા.૧૯ ।

સંજેલી તાલુકામાં જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ કાર્યરત છે જેમાં નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે. સાથે સાથે એકલવ્ય પરીક્ષા, જ્ઞાન સાધના પરીક્ષા, શિષ્યવૃત્તિ પરીક્ષા, N.M.M.S પરીક્ષા, P.S.E પરીક્ષા, સૈનિક શાળા પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે. અનાથ બાળકો, અપંગ બાળકો અને અતિ ગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે માર્ગદર્શન, તાલીમ અને જરૂરી મટીરીયલ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી- મોરા - સુખસર કેન્દ્રોના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણા ના માર્ગદર્શનથી શ્રી શ્રધ્ધા વિદ્યાલય ખાતે એક દિવસીય યોગ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તાલીમ નવોદય પરીક્ષાની તાલીમ મેળવી રહેલા વિદ્યાર્થીઓએ યોગ કર્યા હતા. યોગ વિશે ચર્ચા કરવામાં આવી હતી. યોગ થી થતા ફાયદા વિશે સમજ આપવામાં આવી હતી. તાલીમ વર્ગના વિદ્યાર્થીઓ કાયમ યોગ કરવા માટે સલાહ આપવામાં આવી હતી આમ ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગમાં યોગ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

# વઘઈ ખાતે નશાની હાલતમાં મહિલાએ એસ.ટી.બસમાં હોબાળો કરતા પોલીસ ફરિયાદ



। ડાંગ, તા.૧૯ ।

ડાંગ જિલ્લાનાં વઘઈ ખાતે શિરડીથી ભાવનગર એસ. ટી.બસ માં નશાની હાલતમાં મહિલાએ હોબાળો મચાવ્યો હતો.જેને લઈને એસ.ટી.બસના ડ્રાઈવર અને કંડકટરે વઘઈ ખાતે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

સાપુતારા તરફથી આવતી ગુજરાત એસ.ટી. નિગમની શિરડી ભાવનગર બસમાં એક મહીલા કેફી પીણુ પી નશો કરી બસમાં હોબાળો મચાવી રહી હતી.જે અંગેની જાણ પોલીસને કરવામાં આવી હતી.ત્યારે વઘઈ પોલીસ સ્ટાફના માણસો વઘઈ બસ સ્ટોપ પર પહોંચ્યા હતા.તે વખતે ગુજરાત એસ. ટી.નિગમની શિરડી ભાવનગર બસ રજી.નં. GJ-18-Z- 8975 જે વઘઈ બસ સ્ટોપ ઉપર આવતા પોલીસે આખી બસ પોલીસ સ્ટેશન ખાતે લઈ જવી પડી હતી.અને કેફી પીણાનો નશો કરેલ પુજાબેન સંજય ગોયાણી (ઉ.વ. ૨૨ રહે. સુરત તા.જી. સુરત)ની અટક કરી હતી. વઘઈ પોલીસે આ અંગેનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાના વરદ હસ્તે ધોળાકુવા ખાતે આરોગ્ય સબ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું

## ધોળાકુવા-કોસમ વિસ્તારના ગ્રામજનોને ગામ ઉપર જ આરોગ્ય વિષયક સુવિધાઓ ઉપલબ્ધ થઈ






। રાજેશ શર્મા આતરસુંબા, તા.૧૯ ।

કપડવંજ તાલુકાના ધોળાકુવા ગામે આરોગ્ય વિભાગ દ્વારા બનાવામાં આવેલ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના નવિન મકાનનું લોકાર્પણ કપડવંજ વિધાનસભાના જનપ્રિય ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલા સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલાએ જણાવ્યુ હતુ કે, આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની દીર્ઘદ્રષ્ટિ અને પ્રજાલક્ષી આયોજન થકી વિકાસના ફળ ગામે ગામ પહોંચી રહ્યા છે. તેમણે આવનાર સમયમાં વિસ્તારના તમામ વિકાસના કામો સત્વરે પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.

કપડવંજ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી મૂળરાજસિંહ સોલંકી અને ધોળાકુવા ગામના સરપંચશ્રી રણજીતસિંહ ઝાલાએ વિસ્તારના ખૂબ જ સક્રિય અને લોકોના સુખ દુઃખમાં સતત ખડેપગે પ્રજાજનો વચ્ચે રહી કામ કરતા લોકપ્રિય ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલાનો ધોળાકુવા ગામે નવિન આરોગ્ય સબ સેન્ટર બનાવવા બદલ તમામ ગ્રામજનો વતી આભાર માની ખુશીની લાગણી વ્યક્ત કરી હતી.

ખેડા જિલ્લા સહકારી સંઘના ચેરમેન અને અમૂલના ડિરેક્ટર શ્રી જયેશભાઈ પટેલે પણ પ્રસંગોચિત ઉદબોધન કરી હવે ધોળાકુવા ગામે જ આરોગ્ય વિષયક સુવિધાઓ ઉપલબ્ધ કરવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સમસ્ત ધોળાકુવા ગ્રામજનોએ પણ વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલાની સક્રિયતા અને ઉમદા કામગીરી બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ખેડા જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી જયેશભાઈ પટેલ નવાગામ, ખેડા જિલ્લા ભાજપ મંત્રી શ્રી ધૂળસિંહ સોલંકી, કપડવંજ તાલુકા ભાજપ પ્રમુખ શ્રી ગણપતસિંહ રાઠોડ, કપડવંજ એપીએમસીના ચેરમેન શ્રી નિલેશભાઈ પટેલ, ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા આતરસુંબા, તાલુકા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. અંકુરભાઈ પટેલ, આંત્રોલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉ. ખૂશ્બુ વહોરા મેડમ, જિલ્લા યુવા મોરચાના મહામંત્રી શ્રી, પીઆઈયું નડિયાદના શ્રી મનસુરી સાહેબ, આરોગ્ય વિભાગના સર્વે કર્મચારીઓ, પૂર્વ પ્રમુખ શ્રી મૂળરાજસિંહ સોલંકી, ધોળાકુવા સરપંચ શ્રી રણજીતસિંહ ઝાલા, ઉપ સરપંચ શ્રી માનસિંહ ઝાલા, પૂર્વ પ્રમુખ શ્રી કનુભાઈ સોલંકી, શ્રી ગુલાબસિંહ ઝાલા, તલાટી કમ મંત્રી શ્રી અનિલભાઈ ઝાલા, શ્રી રાજુભાઈ પરમાર આતરસુંબા, શ્રી જયંતિભાઈ સોલંકી વાઘાવત, ધોળાકુવા ગ્રામ પંચાયતના તમામ સદસ્યશ્રીઓ, પૂર્વ સદસ્યશ્રીઓ, આશા બહેનો, ગામ આગેવાનો, શાળાના આચાર્યશ્રી તથા શાળા પરિવારના તમામ સદસ્યો, ભાઈઓ બહેનો અને વ્હાલા બાળકો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સાપુતારાથી માલેગામ ઘાટમાર્ગમાં આઈસર ટેમ્પાએ ઈકો ગાડીને અડફેટમાં લેતા એક વૃધ્ધાનું મોત નિપજતા ગંભીર અકસ્માત સર્જાયો

। ડાંગ, તા.૧૯ ।



પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ નાસિક તરફથી સુરત તરફ જઈ રહેલ આઈસર ટેમ્પો. ન.એમ.એચ.૪૬.બી.બી.૯૬૪૩એ સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં માલેગામ ઘાટ માર્ગનાં ફોરેસ્ટ રેસ્ટ હાઉસ પાસેનાં યુ ટર્ન વળાંકમાં પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સામેથી સાપુતારા તરફ જઈ રહેલ ઈકો ગાડી.ન.જી.જે.૦૧. કે.એક્સ.૦૨૫૫ને અડફેટમાં લેતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો.

અહી સ્થળ પર સામે સામે થયેલ અકસ્માતમાં આઈસર ટેમ્પો માર્ગની સાઈડમાં પલ્ટી મારી ગયો હતો.જ્યારે ઈકો ગાડી ટેમ્પામાં અથડાયા બાદ સંરક્ષણ દીવાલ સાથે ભટકાઈને પલ્ટી મારી જતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો.આ અકસ્માતનાં બનાવમાં ઈકો ગાડીમાં સવાર સવિતાબેન રમણભાઈ પટેલ.ઉ.૮૧. રે.થામના તા.ઉમરેઠ.જી.આનંદ હાલ.રે.યુ.એસ. એ.અમેરિકાને નાની મોટી ઈજાઓ પોહચતા તેણીનું મોત નિપજ્યુ હતુ.

જ્યારે ઈકો ગાડીમાં સવાર અન્ય ઈસમોને પણ ઈજાઓ થતા તેઓને તાત્કાલીક સારવારનાં અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નજીકની શામગહાન સી.એચ.સીમાં ખસેડવાની તજવીજ હાથ ધરાઈ હતી.આ અકસ્માતનાં બનાવમાં આઈસર ટેમ્પો અને ઈકો ગાડીને જંગી નુકસાન થયુ હતુ. હાલમાં ફરિયાદી મિતેષ ચંદુભાઈ પટેલે આઈસર ટેમ્પા ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા સાપુતારાપોલીસનીટીમે ગુનો નોંધીવધુતપાસહાથ ધરી છે..

# ૨૦ ઓક્ટોબરના રોજ પશ્ચિમ રેલવે દોડાવશે અમદાવાદ અને ગુવાહાટી વચ્ચે વન-વે સ્પેશિયલ ટ્રેન

। અમદાવાદ, તા.૧૯ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને ગુવાહાટી વચ્ચે ૨૦ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ વન વે સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર દોડાવવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે.

**ટ્રેન નંબર ૦૯૪૧૩ અમદાવાદ-ગુવાહાટી વન વે સ્પેશિયલ**

ટ્રેન નંબર ૦૯૪૧૩ અમદાવાદ-ગુવાહાટી સ્પેશિયલ ૨૦ ઓક્ટોબર ૨૦૨૩ શુક્રવારના રોજ ૧૮.૩૦ કલાકે અમદાવાદથી ઉપડશે અને ૨૩ ઓક્ટોબર ૨૦૨૩ સોમવારના રોજ ૦૧.૩૦ કલાકે ગુવાહાટી પહોંચશે.આ ટ્રેન માર્ગમાં નડિયાદ, આણંદ, છાયાપુરી, રતલામ, નાગદા, ભવાની મંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, આગરા ફોર્ટ,ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, અયોધ્યા કેન્ટ, અકબરપુર, વારાણસી, પંડિત દીનદયાલ ઉપાધ્યાય જંક્શન, બક્સર., પટના, બખ્તિયારપુર, મોકામા, ન્યૂ બરૌની, ખાગડિયા, નવગછિયા, કટિહાર, બારસોઈ, કિશનગંજ, ન્યૂ જલપાઈગુડી, ન્યૂ કોચબિહાર, ન્યૂ અલીપુરદ્વાર, ન્યૂ બંગાઈગાંવ અને રંગિયા સ્ટેશન પર રોકાશે. આ ટ્રેનમાં થર્ડ એસી અને સ્લીપર ક્લાસના કોચ હશે. ટ્રેન નંબર ૦૯૪૧૩ નું બુકિંગ તત્કાલ અસર થી "ઈજી કાઉન્ટર અને" ઇઝ્ઝ વેબસાઈટ પર શરૂ થઈ ગઈ છે, ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય સંબંધિત વિગતવાર માહિતી માટે, યાત્રીઓ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત સફાઈ કાર્યક્રમોમાં આજની વિશેષ કામગીરીમાં નવરાત્રિ પર્વ અનુસંધાને કરવામાં આવેલી સફાઈ ઝુંબેશ

। અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવરાત્રીનાં પવિત્ર પર્વમાં સ્વચ્છતાનાં ૬૦ દિવસ સફાઈ અભિયાન અન્વયે આજ રોજ શહેરમાં આવેલા ધાર્મિક સ્થાનોની હાથ ધરવામાં આવેલ સફાઈ ઝુંબેશ સ્વચ્છતાનાં ૬૦ દિવસ સફાઈ ઝુંબેશ કાર્યક્રમોમાં આજનાં વિશેષ કામગીરીમાં નવરાત્રિ પર્વ અનુસંધાને નાગરીકોના ભકિતભાવ અને આસ્થાનાં કેન્દ્રો એવા પવિત્ર ધાર્મિક સ્થાનોની સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી. આજ રોજ કરવામાં આવેલી આ સફાઈ ઝુંબેશમાં પૂર્વ ઝોનમાં આવેલ નાગરવેલ હનુમાન મંદિર, પશ્ચિમ ઝોનમાં આવેલ જોગણી માતાનું મંદિર, વાસણા ગામ, હીંગળાજ માતાનું મંદિર, નવરંગપુરા ગામ, કામેશ્વર મહાદેવ મંદિર, અંકુર રોડ, ચંદ્રેશ્વર મહાદેવ, ઉસ્માનપુરા, રામેશ્વર મંદિર તેમજ નિર્ણયનગર ખોડીયાર માતાનું મંદિર, ન્યુ રાણીપ, સ્મૃતિ મંદિર, રામનગર, રામજી મંદિર, ચાંદખેડા ગામ, ભગવાન નાગર ટેકરો, ઉત્તર ઝોન ઈન્ડીયા કોલોની ખાતે આવેલ સ્વામીના રાયણ મંદિર, શ્યામ શિખર ચાર રસ્તા,વ્હાઈટ હાઉસ કોમ્પલેક્ષની સામે વ્યાયમશાળા, દક્ષિણ ઝોનમાં ઈન્દ્રપુરી પંચદેવ મંદિરની બાજુનો પ્લોટ, ઈસનપુર સિધ્ધેશ્વર મહાદેવ મંદિર મણીનગર, બહેરામપુરા, દાણીલીમડા, લાંભા બળીયાદેવ મંદિર મામલતદાર ઓફિસ, મધ્ય ઝોનમાં જગન્નાથ મંદિર અને તથા ઉત્તર પશ્ચિમ ઝોનમાં સોલા ભાગવત મંદિર અને દક્ષિણ પશ્ચિમ ઝોનમાં જોધપુર ખાતે બિલેશ્વર મહાદેવ મંદિર જેવા ધાર્મિક સ્થળોની સફાઈ હાથ ધરવામાં આવેલ હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં. આજે કાર્ય ક્ષેત્ર માં ઘર ની કોઈ બાબત ને લીધે તમારી ઉર્જા ઓછી રહેશે?

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. નાણાકીય દૃષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારો મિજાજ ફૂલફટાક હોવા છતાં આજે જે તમારી સાથે હાજર નથી રહી શક્યું તેની ખાય તમને સાલશે. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્ક્ષ રાખવી જોઈએ? સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે હ્રદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દૃષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. મિત્રો તથા નિકટજનો તમારી તરફ મદદનો હાથ લંબાવશે. તમારા પ્રિયપાત્રથી દૂર રહેવું ખૂબ જ મુશ્કેલ બની રહેશે. વ્યાવસાયમાં તમારી માસ્ટરીની કસોટી થશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારે તમારી હોશિયારીની કુનેહ તથા મુત્સદ્દીપણાનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? ગૃહપ્રવેશ માટે શુભ દિવસ.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લ્ડ પ્રેશરના દરદીઓ. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો. રૉમાન્સ માટેની તકો દેખીતી છે-પણ તેનું આયુષ્ય ટૂંકું હશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. તમારા પ્રિયપાત્ર અથવા જીવનસાથી સાથે સારો સંવાદ અથવા તેમના તરફથી સારો સંદેશ આજે તમારૂં મનોબળ વધારશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાર્કિક આધાર લો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. આજે તમે તમારા ઘરમાં તથા આસપાસ કેટલાક ફેરફાર કરો એવી શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ખિન્ન તથા નિરાશ ન થાવ. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો- એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે સારી તબિયત તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. જો તમારે તમારા પ્રેમ જીવનસાથી ને જીવનસાથી બનાવવો હોય તો તમે આજે તેમની સાથે વાત કરી શકો છો.

### વૃક્ષોએ માંડ્યા પ્રભુતામાં પગલાં

# ૨૧ વડ અને ૨૧ પીપળાના વૃક્ષોના લગ્ન કરવામાં આવ્યા

**નાગૌરમાં તેલિનાડામાં મોટા ભાગની જમીન ઉજ્જડ હતી, તેથી નાગૌરના પર્યાવરણપ્રેમીઓ દ્વારા અહીં પીપળા અને વડના વૃક્ષો વાવવામાં આવ્યા હતા**



| રાજસ્થાન, તા.૧૯ |

અંગારા ઝરતી ગરમી અને શુષ્ક વાતાવરણ માટે રાજસ્થાન જાણીતું છે. અહીં ખૂબ જ ગરમી પડે છે. તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ પહોંચી જાય છે. અહીંના પર્યાવરણપ્રેમીઓ પર્યાવરણને બચાવવા વિવિધ પ્રકારના અભિયાન ચલાવે છે.

તાજેતરમાં જ રાજસ્થાનના નાગૌરમાં પર્યાવરણને બચાવવા પર્યાવરણ પ્રેમીઓએ અનોખું કાર્ય કર્યું છે. પર્યાવરણ પ્રેમી દ્વારા અહીં વૃક્ષોના લગ્ન કરાવવામાં આવી રહ્યા છે. નાગૌરમાં તેલિનાડામાં મોટા ભાગની જમીન ઉજ્જડ હતી, તેથી નાગૌરના પર્યાવરણ પ્રેમીઓ દ્વારા અહીં પીપળા અને વડના વૃક્ષો વાવવામાં આવ્યા હતા. હાલ આ સ્થળે અનેક વૃક્ષો વાવવામાં આવ્યા છે. આ વૃક્ષો વાવવાનો હેતુ ઉજ્જડ જમીનને લીલીછમ બનાવવાનો હતો. નાગૌરના પર્યાવરણ પ્રેમી રામેશ્વર લાલ સાંખલાનું કહેવું છે કે, કોરોના કાળ બાદ લોકો પ્રકૃતિનું મહત્વ સમજતા છે. આ ઉજ્જડ જમીન ઉપર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું , જેથી આ ઉજ્જડ જગ્યા લીલીછમ બની હતી.આ ઉપરાંત, અહીં ૨૧ વડ અને ૨૧ પીપળાના વૃક્ષોના લગ્ન કરવામાં આવ્યા છે. આ લગ્નના કારણે આ સ્થાન ફરીથી ચર્ચાનો વિષય બન્યું છે.



### ટૂંક સમયમાં યુપીના ગાઝિયાબાદમાં શરૂ થવા જઈ રહી છે

# ૬૦ મિનિટમાં દિલ્હીથી મેરઠ પહોંચશે રેપિડ રેલ

**દિલ્હી-મેરઠ રેપિડ રેલ મેટ્રો જેવી લાગે છે પરંતુ સ્પીડના સંદર્ભમાં તેની સ્પીડ મેટ્રો કરતા બમણી છે**

| નવી દિલ્હી, તા.૧૯ |

દિલ્હી-મેરઠ રેપિડ રેલ મેટ્રો જેવી લાગે છે પરંતુ સ્પીડના સંદર્ભમાં તેની સ્પીડ મેટ્રો કરતા બમણી છે. દેશની પ્રથમ રેપિડ રેલ ટૂંક સમયમાં યુપીના ગાઝિયાબાદમાં શરૂ થવા જઈ રહી છે. PM મોદી ૨૦ ઓક્ટોબરે તેનું ઉદ્ઘાટન કરી શકે છે. આ ટ્રેનને RapidX નામ આપવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં તેને સાહિબાબાદ અને દુહાઈ વચ્ચે ચલાવવામાં આવનાર છે, જેના કારણે સુરક્ષાને લઈને વિશેષ સૂચનાઓ જારી કરવામાં આવી છે. NCRTC અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ટ્રેન મેટ્રો ટ્રેન જેવી લાગે છે પરંતુ તેના કોચ લગેજ કેરિયર છે.

આ સાથે તે મિની સ્ક્રીન જેવા ફીચર્સથી સજ્જ છે. NCRTC દ્વારા શેર કરાયેલા દસ્તાવેજ અનુસાર, RRTS મેટ્રો રેલથી અલગ છે. મેટ્રોની સ્પીડ ૮૦ કિલોમીટર પ્રતિ કલાક છે જ્યારે તેની સ્પીડ ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાક છે. દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠ કોરિડોર એ ભારતમાં અમલમાં મુકાયેલો પ્રથમ RRTS પ્રોજેક્ટ છે, ત્યારબાદ દિલ્હી-ગુરુગ્રામ-SNB-અલવર અને દિલ્હી-પાનીપત કોરિડોરનો સમાવેશ થાય છે. ૨૦ ઓક્ટોબરે ગાઝિયાબાદમાં પીએમ મોદીની હાજરીને કારણે સ્થળ અને આસપાસના વિસ્તારોમાં ૫ હજાર સૈનિકો તૈનાત કરવામાં આવી રહ્યા છે. તે જાણીતું છે કે દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠ RRTS કોરિડોરનું નિર્માણ ૨૦૧૯ માં શરૂ થયું હતું.

### ઈન્ડિગો એરલાઈને કરી ભારે ગરબડ!

# સામાન ઉતારવાનો રહી જતાં સિંગાપોર પાછા ફરવું પડ્યું

**બેકાળજી દર્શાવતી આ ઘટના બુધવારે સવારે બની હતી, ફ્લાઈટ 6E-1006એ સિંગાપોરથી બેંગાલુરુ માટે ઉડાણ ભરી હતી**

| નવી દિલ્હી, તા.૧૯ |

થોડા દિવસ પહેલા જ ઈન્ડિગો એરલાઈન કનેક્ટિંગ ફ્લાઈટના કપલને ઈસ્તાંબુલ એરપોર્ટ પર ભૂલી ગઈ હતી. આ ગોટાળા બાદ એરલાઈનની વધુ એક બેદરકારી સામે આવી છે. ઈન્ડિગો એરલાઈન ઈન્ટરનેશનલ ફ્લાઈટમાંથી સામાન ઉતારવાનું જ ભૂલી ગઈ જેના કારણે ભારત આવવા માટે ઉડાણ ભરનારી ફ્લાઈટને અધવચ્ચેથી જ પાછું ફરવું પડ્યું હતું. બેકાળજી દર્શાવતી આ ઘટના બુધવારે સવારે બની હતી. ફ્લાઈટ 6E-1006એ સિંગાપોરથી બેંગાલુરુ માટે ઉડાણ ભરી હતી. ફ્લાઈટ સિંગાપોર પહોંચી ત્યારે તેમાં જે સામાન હતો તેને ચાંગી એરપોર્ટ ઉતારવાનો જ રહી ગયો હતો. સામાન સાથે જ ફ્લાઈટ ભારત આવવા માટે નીકળી ગઈ હતી. અરવિન સાહની નામના મુસાફરે એક્સ પર પોતાનો બળાપો કાઢતાં લખ્યું, "અશક્યને શક્ય બનાવવા માટે અભિનંદન. સિંગાપોર-બેંગાલુરુની ફ્લાઈટ પરોઢિયે ૫.૪૦ કલાકે અધવચ્ચેથી પાછી ફરી કારણકે તમે ઈનકમિંગ ફ્લાઈટનો લગેજ ઉતારવાનું ભૂલી ગયા. આ ક્ષતિ અંગે ઈન્ડિગો એરલાઈન તરફથી નિવેદન પણ બહાર પાડવામાં આવ્યું છે. તેમણે કહ્યું, સિંગાપોરથી બેંગાલુરુ આવવા નીકળેલી ફ્લાઈટ ૬ઈ ૧૦૦૬ને પાછું ફરવું પડ્યું કારણકે સિંગાપોર એરપોર્ટ ખાતે અમારા સર્વિસ પાર્ટનર દ્વારા સામાનને લઈને જે ક્ષતિ થઈ તેની જાણ છે. મુસાફરોને આ વિલંબની જાણ કરવામાં આવી હતી અને તેમને રિફ્રેશમેન્ટ્સ પણ આપવામાં આવ્યા હતા. પેસેન્જરોને જે હાલાકી થઈ તેના માટે અમે દિલગીર છીએ. ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટના ડેટા પ્રમાણે, ફ્લાઈટ 6E 1006 સિંગાપોર ચાંગી એરપોર્ટ પરથી બુધવારે સવારે ૫.૩૫ કલાકે ઉપડી હતી અને ૬.૫૭ કલાકે અહીં પાછી ફરી હતી.

### ઋષિકેશ તેના સ્વાદ માટે ખૂબ પ્રખ્યાત છે

# પાનની દુકાન પર ૫૧૦૦ રૂપિયાનું કપલ ગોલ્ડ પાન

**આ દુકાનનું નામ ડીકે પાન છે, અહીં માત્ર પાન જ ખાસ ઉપલબ્ધ નથી, બીજી એક વસ્તુ છે જે દરેકનું ધ્યાન આકર્ષિત કરે છે**

| ઋષિકેશ, તા.૧૯ |

ઉત્તરાખંડમાં યોગનગરી ઋષિકેશ (ઋષિકેશ પર્યટન સ્થળો) એક પવિત્ર યાત્રાધામ છે. દર વર્ષે લાખો લોકો અહીં ધાર્મિક સ્થળોની મુલાકાત લેવા આવે છે. અહીંના પર્યટન સ્થળો, મંદિરો અને ઘાટ ભક્તો અને પ્રવાસીઓને આકર્ષે છે. ઋષિકેશ તેના સ્વાદ માટે ખૂબ પ્રખ્યાત છે. અહીં તમને દરેક શેરી અને ખૂણા પર અદ્ભુત સ્ટ્રીટ ફૂડ મળશે અને જો જમ્યા પછી પાન મળી જાય તો મોજ પડી જાય. આજે અમે તમને યોગનગરીની એક એવી જ પાનની દુકાન વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જ્યાં માત્ર એક-બે નહીં પરંતુ ૩૦થી વધુ જાતના પાન મળશે. આ દુકાનમાં કપલ ગોલ્ડ પાન સૌથી મોંઘા છે. આ દુકાનનું નામ ડીકે પાન છે. અહીં માત્ર પાન જ ખાસ ઉપલબ્ધ નથી, બીજી એક વસ્તુ છે જે દરેકનું ધ્યાન આકર્ષિત કરે છે અને તે છે અહીં ઉપલબ્ધ કપલ ગોલ્ડ પાનની કિંમત. કોઈ ખાય કે ન ખાય, ૫૧૦૦ રૂપિયાની કિંમતના આ પાન વિશે જાણવા માટે દરેક લોકો ઉત્સુક છે. દુકાનના માલિક અમિત કુમાર પાલ કહે છે કે તમને દુકાનમાં અનેક પ્રકારના પાન મળશે. તેને પાન વેચતા ૫૦ વર્ષથી વધુ સમય થઈ ગયો છે. અહીં મળતા તમામ પાનમાંથી સૌથી ખાસ છે કપલ ગોલ્ડ પાન. તે કહે છે કે તેની દુકાન પર ૫૧૦૦ રૂપિયાનું 'કપલ પાન', ૩૦૦૦ રૂપિયાનું 'કોહિનૂર પાન' અને ૨૫૦૦ રૂપિયાનું 'હનીમૂન પાન' ઉપલબ્ધ છે. અમિત કહે છે કે કપલ ગોલ્ડ પાન અહીં ઉપલબ્ધ સૌથી મોંઘું પાન છે, કારણ કે તેમાં તમને ઘણી ખાસ વસ્તુઓનો સ્વાદ મળશે. તેમાં મૂકવામાં આવેલી એક ગ્રામ વસ્તુઓની કિંમત ૧૦ હજાર રૂપિયા છે. કપાલ પાનમાં સોનાની રાખ ઉમેરવામાં આવે છે, જેની માત્ર એક ગ્રામની કિંમત લગભગ ૧૨ હજાર રૂપિયા છે. તેમાં કેસરની રાખ, ચાંદીની રાખ અને અન્ય ઘટકો ઉમેરવામાં આવે છે, જેનું મૂલ્ય ઘણું વધારે છે. આ બધી વસ્તુઓના ઉપયોગને કારણે કપલ પાનની કિંમત ૫૧૦૦ રૂપિયા છે.

### ખેડૂતોની દિવાળી જ નહીં આખું વર્ષ સુધર્યું

# ખેડુતોનું વર્ષ સુધર્યું : રવિ પાકના ટેકાના ભાવમાં વધારાને મંજૂરી

**આ સિસ્ટમનો ફાયદો એ છે કે જો પાકના બજાર ભાવ ઘટે તો પણ કેન્દ્ર સરકાર આ MSP પર ખેડૂતો પાસેથી પાક ખરીદે છે**

| નવી દિલ્હી, તા.૧૯ |

વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની મંત્રિમંડલ સમિતી દ્વારા ૨૦૨૪-૨૫ માટે તમામ જરુરી રવિ પાકના ટેકાના ભાવમાં વધારાને મંજૂરી આપવામાં આવી છે. કન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે સરકારના આ નિર્ણયને વધાવી લીધો હતો અને કહ્યું કે મોદી સરકારના આ નિર્ણયે ખેડૂત કલ્યાણ પ્રતિ પોતાની પ્રતિબદ્ધતા ફરી એકવાર સિદ્ધ કરી છે. સરકારે ઘઉં અને સરસવ સહિત ૬ પાકોની MSP વધારવાનો નિર્ણય કર્યો છે. ઘઉંની MSP વધારીને ૧૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવી છે. આ સિવાય સરસવના MSPમાં પ્રતિ ક્વિન્ટલ ૪૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ખેડૂતોના ભલા માટે MSPની સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. આ અંતર્ગત કેન્દ્ર સરકાર પાક માટે લઘુત્તમ કિંમત નક્કી કરે છે, તેને MSP કહેવામાં આવે છે. આ સિસ્ટમનો ફાયદો એ છે કે જો પાકના બજાર ભાવ ઘટે તો પણ કેન્દ્ર સરકાર આ MSP પર ખેડૂતો પાસેથી પાક ખરીદે છે. તેનો હેતુ ખેડૂતોને નુકસાનીમાંથી બચાવવાનો છે. ભારતમાં ૬૦ના દાયકામાં સરકાર દ્વારા ખોરાકને અછતથી બચાવવા માટે તેની શરૂઆત કરવામાં આવી હતી. સૌ પ્રથમ, ઘઉં પર એમએસપી શરૂ કરવામાં આવી હતી જેથી કરીને સરકાર ખેડૂતો પાસેથી ઘઉં ખરીદી શકે અને તેની પીડીએસ યોજના હેઠળ ગરીબોમાં વહેંચી શકે. કેબિનેટની બેઠકમાં રવિ પાકની MSP (મિનિમમ સપોર્ટ પ્રાઈસ) વધારવાની મંજૂરી આપવામાં આવી છે. કઠોળ-દાળની MSPમાં સૌથી વધુ વધારો થયો છે. મસૂરની MSPમાં ૪૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવામાં આવ્યો છે. તેમજ સરસવની MSPમાં ૨૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચાલો તમને તેના વિશે વિગતવાર માહિતી આપીએ. ઘઉંની MSPમાં પ્રતિ ક્વિન્ટલ ૧૫૦ રૂપિયાનો વધારો થયો છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૨૧૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૨૨૭૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગયું છે. સરસવની MSPમાં પ્રતિ ક્વિન્ટલ ૧૫૦ રૂપિયાનો વધારો થયો છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૫૪૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૫૬૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગયું છે.

### દિલ્હીમાં શરમજનક ઘટનાઓનો સિલસિલો

# મહિલાએ રસ્તા પર રિક્ષાવાળાને ખોટી જગ્યાએ સ્પર્શીને કરી અશ્લીલ હરકત

**રીક્ષાચાલકને તેની રીક્ષા પકડીને બાજુમાં ઉભેલો જોઇ શકાય છે પરંતુ તે મહિલાની હરકત સામે કશું જ કરતો નથી**

| નવી દિલ્હી, તા.૧૯ |

સોશ્યલ મીડિયા અને ઓનલાઈન પ્લેટફોર્મ પર એક ચોંકાવનારો વીડિયો વાયરલ થઇ રહ્યો છે. વાયરલ વીડિયોમાં દિલ્હીની એક મહિલા જાહેર રસ્તા પર એક રિક્ષાચાલકને અયોગ્ય રીતે સ્પર્શ કરતી જોવા મળી રહી છે. એક અજાણ્યા યુઝર દ્વારા આ વીડિયોને રેડિટ પર અપલોડ કરવામાં આવ્યો છે અને તેમાં મહિલા જાહેરમાં રીક્ષાચાલક સાથે અયોગ્ય કામ કરતી જોવા મળી રહી છે. આ બધું પોતાની કારની અંદર બેઠેલા કેટલાક લોકોએ રેકોર્ડ કર્યુ હતું. વીડિયોમાં જોઈ શકાય છે કે, રીક્ષામાં બેઠેલી મહિલાએ બાજુમાં ઊભેલા રિક્ષાચાલકના ખભા પર માથું મૂક્યું છે અને તે તેને અયોગ્ય રીતે સ્પર્શ કરી રહી છે. રીક્ષાચાલકને તેની રીક્ષા પકડીને બાજુમાં ઉભેલો જોઇ શકાય છે પરંતુ તે મહિલાની હરકત સામે કશું જ કરતો નથી. તે બંનેને કોઇ વાતચીત કરતા જોઇ શકાય છે. જોકે વીડિયોમાં તે સ્પષ્ટ નથી કે તેઓ શેના વિશે વાત કરી રહ્યા છે. આ વીડિયો દૂરથી ગાડીમાં બેઠેલા કોઈ વ્યક્તિ દ્વારા શૂટ કરવામાં આવ્યો છે. આ વીડિયોને જ્યારથી અપલોડ કરવામાં આવ્યો છે ત્યારથી ખૂબ વાયરલ થઈ રહ્યો છે અને સોશિયલ મીડિયા પર તેને અનેક વ્યૂઝ મળી રહ્યા છે. રેડિટ પર એક યુઝરે કમેન્ટ કરી કે "જરા કલ્પના કરો કે જો આ સ્થિતિ ઉલટી હોય તો.'' રેડિટના અન્ય એક યુઝરે કમેન્ટ કરી હતી કે, "આ વ્યક્તિને કદાચ લિન્ચ કરવામાં આવશે." અન્ય એક વ્યક્તિએ લખ્યું કે, "કેટલું ક્રૂર છે. બિચારાને સમજાતું નથી કે શું કરવું. લાગે છે તે સ્તબ્ધ થઈ ગયો છે અને હોર્મોન્સને કારણે આવું લાગે છે.

**વિશેષ** | આગામી રવિવારે વિશેષ સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત જિલ્લાના તમામ ધાર્મિક સ્થળો,પ્રવાસન સ્થળોની સાફ-સફાઈનું આયોજન

# રાજુલાના વિવિધ ગ્રામીણ વિસ્તારમાં તળાવોની સાફ-સફાઇ ઝુંબેશ યોજાઇ, અમરેલી જિલ્લાના કમીગઢ, લાખાપાદર સહિતના ગામોમાં સ્વચ્છતા હી સેવા અભિયાન વેગવંતુ બન્યું

**૬૧ પીએચડી, ૧૦ એમ.ફિલ., ૪૩૪ એમ.એ., ૩૯૭ બી.એ. અને ૫૧ પી.જી. ડિપ્લોમાની પદવીઓ અપાઈ : ૪૩ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ૬૨ પારિતોષિકો એનાયત**

રાજ્યવ્યાપી ‘‘સ્વચ્છતા’’ અભિયાન અંતર્ગત રાજયના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશને વધુ અસરકારક બનાવવા હવે દૈનિક ધોરણે ખાસ ‘‘સ્વચ્છતા’ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લામાં આગામી બે મહિના દરમિયાન સાફ-સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે ઉપરાંત આગામી ૮ સપ્તાહ દરમિયાન દર રવિવારે થીમ આધારિત વિશેષ સ્વચ્છતા ઝુંબેશ પણ હાથ ધરવામાં આવશે. સમગ્ર રાજ્યમાં સ્વચ્છતા હી સેવા ઝુંબેશ વેગવંતી બની છે. તા.૧૬ થી ૨૧ ઓક્ટોબર,૨૩ સુધી શહેર અને ગ્રામ્ય વિસ્તારના તમામ મ્યુઝીયમ, હેરીટેજ બિલ્ડિંગ, મહા પુરુષોની પ્રતિમા, નદી તળાવ સહિતના પાણીના સ્ત્રોત્રની સાફ-સફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ તળાવોની સાફ-સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ઉપરાંત અમરેલી જિલ્લાના કમીગઢ,લાખાપાદર સહિતના ગ્રામીણ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

જિલ્લામાં ચાલુ સપ્તાહે ગ્રામ્ય કક્ષાએ વિવિધ જગ્યાએ જાહેર સ્વચ્છતા,કચરો એકઠો થતો હોય તે જગ્યાની સફાઈ- લોકો ઘરે જે ભીનો અને સુકો કચરો અલગ કરે તે બાબતે જન જાગૃત્તિ, સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ, મ્યુઝીયમ અને હેરિટેજ બિલ્ડિંગો,







શાળાઓ, મહા પુરુષોની પ્રતિમા, પ્રવાહી કચરાના નિકાલ માટે ભુગર્ભ ગટરની સાફ-સફાઈ,જળાશયો અને નદી નાળાની સાફ સફાઈ ઝુંબેશ પુરજોશમાં ચાલી રહી છે. સમગ્ર રાજ્યમાં હાલ ‘‘સ્વચ્છતા હી સેવા’’ અભિયાન પૂરજોશમાં આગળ વધી રહ્યું છે. આવો જિલ્લાના સૌ નાગરિકો સ્વચ્છતા હી સેવા મહા અભિયાનમાં સહભાગી બનીને આપણી ભારતીય નાગરિક તરીકેની સાચી ફરજ અદા કરીએ.

## ન્યૂઝ બ્રિફ

### ૧૯ નવેમ્બર સુધી અસારવા-જયપુર એક્સપ્રેસ અને અસારવા-ઈન્દોર એક્સપ્રેસ ટ્રેનો સરદારગ્રામ સ્ટેશન પર રોકાશે નહીં

। અસારવા, તા.૧૯ ।

પશ્ચિમ રેલવે દ્વારા અસારવા-જયપુર એક્સપ્રેસ અને અસારવા-ઈન્દોર એક્સપ્રેસ ટ્રેનોનું સરદાર ગ્રામ સ્ટેશન પર સ્ટોપેજ ટેક્નિકલ કારણોસર ૧૯ નવેમ્બર ૨૦૨૩ સુધી અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવ્યું છે. જે આ મુજબ છેઃ ટ્રેન નં. ૧૨૯૮૧/૧૨૯૮૨ અસારવા જયપુર અસારવા એક્સપ્રેસ અને ટ્રેન નં.૧૯૩૧૫/૧૯૩૧૬ ઈન્દોર અસારવા ઈન્દોર એક્સપ્રેસ ટ્રેનોનું સ્ટોપેજ સરદારગ્રામ સ્ટેશન પર ૨૦ ઓક્ટોબરથી ૧૯ નવેમ્બર ૨૦૨૩ સુધી અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવ્યું છે. ટ્રેનોના પરિચાલન સમય, સ્ટોપેજ અને ટ્રેનની સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રીઓ www.enquiry.indianrail.gov.in પર જોઈ શકે છે.

### સુરતમાં હિંદુ નામ રાખી યુવતીઓને ફસાવતા વિધર્મીનો પર્દાફાશ

। સુરત, તા.૧૯ ।

રાજ્યમાં અવારનવાર લવજેહાદના કિસ્સા સામે આવતા હોય છે. ત્યારે આ વખતે લવજેહાદ થાય તે પહેલાં જ બજરંગ દળે એક વિધર્મીનો પર્દાફાશ કરી નાંખ્યો છે. આ વિધર્મી હિન્દુ નામ ધારણ કરી યુવતીઓને ફસાવતો હતો. ત્યારે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ દ્વારા વિધર્મીનો પર્દાફાશ કર્યો છે. મળતી માહિતી પ્રમાણે, રેહાન નામનો વિધર્મી યુવક હિંદુ યુવતીઓને ફસાવવા સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતો હતો. સોશિયલ મીડિયામાં તે હિંદુ નામ ધારણ કરી હિંદુ યુવતીઓને ફસાવતો હતો. આરોપી રેહાન હિંદુ યુવતીઓને ૫૦ હજાર રૂપિયા અને ૧ લાખ રૂપિયામાં મોડેલિંગની ઓફર આપી ફસાવતો હતો. આ ઉપરાંત તે ઓફર આપી વોટ્સએપ દ્વારા યુવતીઓના બિભત્સ ફોટા મંગાવતો હતો અને ત્યારબાદ યુવતીઓને બ્લેકમેઈલ કરતો હતો. આ મામલે દીકરીના માતાપિતાએ વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળને ફરિયાદ કરી હતી. તેને લઈને વિશ્વ હિંદુ પરિષદ સહિત બજરંગ દળના કાર્યકર્તાઓ સાથે તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં જઈને વિધર્મીને સમજાવ્યો હતો, પરંતુ વિધર્મી ખૂબ જ ઉગ્ર બન્યો હતો.



ભરતભાઈ એ. પંડ્યા, દિવડા કોલોની





મહીસાગર જિલ્લાના કડાણા ગામે નવલી નવરાત્રી દરમ્યાન માતાજીના મદિરીએ દર વર્ષ ની જેમ આ વર્ષે પણ ગરબાનું ભક્તિભાવ પૂર્વક આયોજન કરવા માં આવ્યું છે જેમાં માં શક્તિની ભક્તિ સહિત આરાધના કરી ગામની બહેનો દ્વારા માંડવડી એ પરંપરા મુજબ ભક્તિભાવ થી ગરબા ગવાય છે સરપંચ શ્રી જેન્તીભાઇ દ્વારા સંપૂર્ણ સાથ સહકાર આપવા માં આવે છે.

### હાઈકોર્ટે ઉઢેલા પ્રકરણમાં જાહેરમાં મુસ્લિમોને કોડા મારનાર ખેડા પોલીસના ચાર કર્મી

# PI, PSI સહિત હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલને ૧૪ દિવસની સજા ફટકારી

## કન્ટેમ્પ્ટનો સામનો કરી રહેલા ૧૪ પોલીસ કર્મીઓમાંથી ચારને દોષિત ઠાર્યા

। અમદાવાદ, તા.૧૯ ।

ખેડાનાં ઉઢેલા ગામે ગત વર્ષ મુસ્લિમોને છડે ચોક જાહેરમાં મારવાના કેસમાં એક મહત્વનો ચુકાદો નામદાર ગુજરાત હાઈકોર્ટે, સુપ્રિમ કોર્ટના ડી,કે, બાસુના કેસમાં ઘડવામાં આવેલો આધારિત કેસમાં મુસ્લિમોએ કન્ટેમ્પ્ટની કાર્યવાહીનો સામનો કરી રહેલા ચાર પોલીસ કર્મચારીઓને ૧૪ દિવસની સજા અને ૨૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ચાર આરોપી પોલીસ કર્મીઓએ કોર્ટના ઓર્ડર મળ્યાના ૧૦ દિવસમાં હાજર થવા ફરમાન થયું છે.



જસ્ટિસ એ એસ સુપેહિયા અને ગીતા ગોપી બેંચે પણ ટિપ્પણી પણ કરી હતી કે કોર્ટ ખુશ નથી કે તે આ દિવસ આવી ગયો છે જ્યારે તે આદેશો પસાર કરી રહ્યો છે જેમાં અધિકારીઓને સામાન્ય કેદમાંથી પસાર થવાનું કહેવામાં આવે છે. નોંધપાત્ર રીતે, ૧૬ ઓક્ટોબરના રોજ, પીડિતોએ ચાર પોલીસકર્મીઓ પાસેથી આર્થિક વળતર લેવાનો ઈનકાર કર્યો હતો.

હાઈકોર્ટની સખ્ત કાર્યવાહી બાદ પોલીસ કર્મીઓએ પીડિત મુસ્લિમ યુવકોને વળતર આપવાની તૈયારી દર્શાવી હતી. પરંતુ પીડિત યુવકોએ વળતર લેવાનો ઈનકાર કરતા ગત સોમવારે કોર્ટમાં થયેલી સુનાવણીમાં પીડિત મુસ્લિમ યુવકોના વકીલે દલીલ કરી હતી કે, તેમના વકિલને પોલીસ કર્મીઓનું વળતર નહીં પણ ન્યાય જોઈએ છે. હાઈકોર્ટે કરેલી સજા સામે દોષિતના વકિલ તરફથી સુપ્રીમ કોર્ટમાં અરજી કરવા સ્ટેની માંગ કરવામાં આવી છે. ત્યારે હાઈકોર્ટે હૂકમની સજાની અમલવારી પર ત્રણ મહિનાનો સ્ટે આપ્યો છે. ગત નવરાત્રિમાં ખેડાના ઉઢેલા ગામે ગરબામાં પથ્થરમારાની ઘટના બની જેમાં કેટલાક ગ્રામજનો અને પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા હતા.

આ કેસમાં પોલીસે ૧૩ આરોપીઓની ધરપકડ કરી હતી અને તેઓને ગામના જાહેર મેદાનમાં થાંભલા સાથે ઉભા રાખી લાકડીઓ વડે માર માર્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. જે બાદ મામલો ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. પોલીસ દ્વારા જાહિરમીયા મલેક, મકસુદાબાનુ મલેક, સહદમીયા મલેક, સકીલમીયા મલેક અને શાહિદરાજા મલેકને જાહેરમાં થાંભલે બાંધી માર માર્યો હતો.

### ચાલુ ડ્રાઈવીંગે એટેક આવતા છકડો રીક્ષાચાલકનું મોત

# એક જ દિવસમાં હાર્ટ એટેકથી ત્રણ લોકોના મોત

। અમદાવાદ, તા.૧૯ ।

રાજ્યમાં નાની વયે હાર્ટ એટેકના કિસ્સા સતત વધી રહ્યાં છે. જામનગરમાં એક યુવકનું નાની વયે હાર્ટ એટેકને કારણે મોત થયું છે. શહેરમાં સેના નગરમાં રહેતા ૨૪ વર્ષીય યુવાનનું હાર્ડ એટેકથી મૃત્યુ નીપજ્યું છે. રવિ પરબતભાઈ લુણા નામના વ્યક્તિને એકાએક હૃદય બંધ થઈ જતા મૃત્યુ થયું. ગતરોજ યુવાનને સામાન્ય તાવ, શારીરિક તકલીફ થતા ખાનગી હોસ્પિટલમાં દવા લેવા ગયા બાદ અચાનક છાતીમાં દુખાવો ઉપડતા હાર્ટ અટેક આવતા યુવાનનું મૃત્યુ થયું હતું. યુવાનનું મૃત્યુ થતા પરિવારમાં શોક છવાયો છે. અમરેલી જિલ્લામાં નવરાત્રીના



ખેલેયાઓ માટે સૌથી મોટા ચિંતા જનક સમાચાર સામે આવ્યા છે. રાજુલા શહેરમાં મોડી રાતે ૨૩ વર્ષનાં યુવકને હાર્ટએટેક આવતા મોત થયું છે. નવરાત્રીમાં રામાપીરના આખ્યાન દરમ્યાન યુવકને હાર્ટએટેક આવતા મોડી રાતે દોડધામ મચી હતી. ૨૩ વર્ષીય દિનેશ શિયાળને રાજુલા હોસ્પિટલમાં ખસેડાયો હતો. અમરેલી જિલ્લામાં નવરાત્રી દરમ્યાન હાર્ટએટેકથી યુવકના મોતની પહેલી ઘટના સામે આવી છે.

હાર્ટ એટેકથી મોતનો બીજો કિસ્સો બાબરામાંથી આવ્યો છે. જ્યાં બાબરા અમરેલી હાઈવે પર રીક્ષાચાલકને ચાલુ ડ્રાઈવીગ દરમિયાન હાર્ટ એટેક આવ્યાનો વીડિયો વાયરલ થયો છે. છકડો રીક્ષાચાલકનું હાર્ટ એટેકને કારણે ઘટના સ્થળે જ મોત થયું હતું. રીક્ષામાં આધેડ પોલભાઈ મુંધવા ઉપરાંત ત્રણ પેસેન્જર પણ સવાર હતા પરંતુ સદનસીબે તેમનો બચાવ થયો હતો. પોલભાઈ રીક્ષા લઈને લુણકીથી બાબરા જઈ રહ્યા હતા તે દરમિયાન રસ્તામાં બનાવ બન્યો હતો. રીક્ષા ચાલકને ૧૦૮થી તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા પરંતુ તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

# મિતાલી રાજ ૨૬ નવેમ્બરે અદાણી અમદાવાદ મેરેથોનને ફ્લેગ ઓફ કરશે

। અમદાવાદ, તા.૧૯ ।


અદાણી અમદાવાદ મેરેથોનની સાતમી આવૃત્તિ એક નવા કોર્સ અને નવા સ્ટાર્ટ-ફિનિશ પોઈન્ટ સાથે ફરી એકવાર દિલધડક બની રહેશે. ૨૬ નવેમ્બરે દોડવીરોની મેરેથોન સાબરમતી રિવરફ્રન્ટ પર આવેલા મનોહર રિવરફ્રન્ટ સ્પોર્ટ્સ પાર્ક, પાલડી ખાતે શરૂ અને સમાપ્ત થશે.

મેરેથોનની સાતમી આવૃત્તિને ફ્લેગ ઓફ કરનાર અન્ય કોઈ નહીં પરંતુ સુપ્રસિદ્ધ ક્રિકેટર મિતાલી રાજ હશે, ભારતીય રમતજગતમાં ૨૦ વર્ષથી વધુ યોગદાન કરનાર મિતાલી સૌથી યોગ્ય રમતવીરોમાંની એક ગણાય છે. તે WPL ટીમ ગુજરાત જાયન્ટ્સની સલાહકાર અને માર્ગદર્શક પણ છે. મેરેથોનના રજીસ્ટ્રેશનમાં દર વર્ષે વધારો થતો જોવા મળ્યો છે. તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપવાની સાથે તે જીવનને ઉન્નત બનાવવાનો માર્ગ પણ મોકળો કરે છે. અદાણી #Run4OurSoldiers ની સહભાગી શ્રેણીઓમાં ફુલ મેરેથોન (૪૨.૧૯૫ કિમી), હાફ મેરેથોન (૨૧.૦૯૭ કિમી), ૧૦ કિમી દોડ અને ૫ કિમી દોડનો સમાવેશ થાય છે. એસોસિયેશન ઓફ ઈન્ટરનેશનલ મેરેથોન્સ એન્ડ ડિસ્ટન્સ રેસ (AIMS) દ્વારા પ્રમાણિત આ મેરેથોનમાં રેસના ડિરેક્ટર તરીકે AIMSના વાઈસ પ્રેસિડેન્ટ અને ટેકનિકલ ડિરેક્ટર ડેવ કન્ડી હશે. મેરેથોન દરેકને મેડલ જીતવાની તક તેમજ સશસ્ત્ર દળોના કલ્યાણ માટે દાન આપે છે. તેમાં પરોપકારી પ્રયાસોમાં મદદરૂપ યુનાઈટેડ વે ઈન્ડિયા ભાગીદાર છે. સહભાગીઓ સશસ્ત્ર દળોના કલ્યાણ, આરોગ્યસંભાળ, શિક્ષણ, આજીવિકા, પર્યાવરણ, ટકાઉપણું, આપત્તિ રાહત અને પુનર્વસન, વિવિધતા, સમાનતા, સમાવેશ અને એનજીઓની ક્ષમતા નિર્માણ જેવા કારણોને સમર્થન આપવાનું પસંદ કરી શકે છે. દોડવીરો ચૅરિટી બિબ્સ પસંદ કરીને ભંડોળ ઊભું કરવામાં જોડાઈ શકે છે, જે પસંદ કરેલા કારણો માટે આવકનો એક ભાગ ફાળવે છે.

### ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ એજ્યુકેશન સોસાયટી

## ગાંધીનગર દ્વારા સંચાલિત કન્યા સાક્ષરતા નિવાસી શાળા ખેરવા ખાતે રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવામાં આવી





સંતોષભાઈ જોષી

। સંતરામપુર, તા.૧૯ ।

આજરોજ PHC-ગાડીયા, સબસેન્ટર ખેરવા ખાતે રાષ્ટ્રીય સિકલસેલ એનીમિયા નિર્મૂલન અભિયાન અંતર્ગત ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગર દ્વારા સંચાલિત કન્યા સાક્ષરતા નિવાસી શાળા ખેરવા ખાતે રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં સિકલસેલ એનિમિયા ની તપાસ અને RBSK ટીમ દ્વારા શાળા આરોગ્ય ની તપાસ કરવામાં આવી હતી જેમાં બાળકોને આરોગ્ય લક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને સિકલસેલની તપાસ, HB ની તપાસ, બાળકોની આરોગ્યની તપાસ કરવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમ દરમિયાન આરોગ્ય સ્ટાફ અને શિક્ષકો દ્વારા આ કાર્યક્રમ પાર પાડવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં RBKS ટીમ ડૉ. મિહિર પટેલ, જનક રાવલ, હેતલ તડવી, સિકલસેલ કાઉન્સેલર નિકુંજ પરમાર, મૌલિક પંચાલ, લેબટેકનેશિયન આરીફ પઠાણ, રોશની પટેલ, તૃપ્તિ પટેલ,બારીયા ભૂમિ MPHS પરસોત્તમ વડેરા, MPHW સંજય ડામોર, લક્ષ્મણ બામણીયા, જયપ્રકાશ પારગી, FHW ચૌધરી નિકિતાબેન, પારગી કર્ણાવતીબેન, F.ASHA પટેલ વર્ષાબેન, ASHA બામણીયા ભાવનાબેન, અંબાબેન હાજર રહ્યાં હતાં.

### પોલીસે કરી અટકાયત

# અમદાવાદના ફાર્મ હાઉસમાં પહોંચ્યા બજરંગ દળના કાર્યકરો

## અમદાવાદના એસકે ફાર્મમાં જય શ્રી રામના નારા લગાવવામાં આવી રહ્યા છે, બજરંગ દળના કાર્યકર્તાઓ યુવકોને તિલક કરી રહ્યા છે

। અમદાવાદ, તા.૧૯ ।

નવરાત્રીના તહેવારને લઈને રાજ્યભરમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે ચોથા નોરતે સૌ ખેલૈયાઓ મનભરીને ગરબે રમી રહ્યા છે. તો બીજી તરફ અમદાવાદના એસ.કે.ફાર્મમાં બજરંગદળના કાર્યકરો પહોંચતા વાતાવરણ તંગ બન્યું છે. યુવકોને તિલક લગાવ્યા બાદ ગરબામાં પ્રવેશ આપવામાં આવતા મામલો બિચક્યો હતો. આ ઉપરાંત દરેકના આઈડી પ્રૂફ પણ ચેક કર્યા બાદ જ અંદર પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. જે બાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી છે. હાલમાં કેટલીક કાર્યકરોને પોલીસ ડિટેન કરીને લઈ ગઈ છે. અમદાવાદના એસ.કે ફાર્મમાં જય શ્રી રામના નારા લગાવવામાં આવી રહ્યા છે. બજરંગ દળના કાર્યકર્તાઓ યુવકોને તિલક કરી રહ્યા છે. નવરાત્રીમાં વિધર્મીઓનો પ્રવેશ ન થાય તે માટે આઈડી પ્રુફ પણ ચેક કરવામાં આવી રહ્યું છે. દરરોજ બજરંગ દળના કાર્યકર્તાઓ અલગ અલગ પાર્ટી પ્લોટમાં જાય છે.લવ જેહાદના કિસ્સાઓ ન બને તે માટે નવરાત્રીમાં તમામ લોકોને તિલક કરવામાં આવે છે. ગુજરાતભરમાં હાલ નવરાત્રીની ઉજવણી ચાલી રહી છે. જો કે ૧૨ વાગ્યા બાદ પણ ચાલતા લાઉડ સ્પીકર્સથી પરેશાન એક નાગરિકે



આ મુદ્દે હાઈકોર્ટમા રજૂઆત કરી હતી. ત્યારે કોર્ટે આ મુદ્દાને ધ્યાનમાં લઈને પોલીસ વિભાગને નિર્દેશ આપ્યા છે કે, જો કોઈ નવરાત્રી દરમિયાન ૧૨ વાગ્યા બાદ લાઉડ સ્પીકર્સ બંધ કરાવવા માટે રજૂઆત કરે ફરિયાદ કરે તો પોલીસે તેની સામે કાર્યવાહી કરાવતા ૧૨ વાગ્યા લાઉડ સ્પીકર બંધ કરવું પડશે. ઉલ્લેખનિય છે કે, રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી જાહેરાત કરી હતી કે, રાજ્યમાં હવે મોડી રાત સુધી ગરબા રમી શકાશે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ૧૨ વાગ્યા બાદ પણ ગરબા બંધ ન કરાવવા માટે પોલીસને સૂચના આપી છે. ત્યારે હવે કોર્ટે આદેશ આપ્યા છે કે, જો કોઈ નાગરિક પરેશાન હોય અને તે આ મુદ્દે રજૂઆત કરે તો પોલીસે એકશન લેતા ૧૨ વાગ્યા બાદ ગરબા બંધ કરાવવા પડશે. ઉલ્લેખનિય છે કે,ગૃહ વિભાગ દ્વારા રાજ્યની પોલીસને મૌખિક સૂચના આપવામાં આવી છે.

# સુરતમાં હિંદુ નામ રાખી યુવતીઓને ફસાવતા વિધર્મીનો પર્દાફાશ

। સુરત, તા.૧૯ ।

રાજ્યમાં અવારનવાર લવજેહાદના કિસ્સા સામે આવતા હોય છે. ત્યારે આ વખતે લવજેહાદ થાય તે પહેલાં જ બજરંગ દળે એક વિધર્મીનો પર્દાફાશ કરી નાંખ્યો છે. આ વિધર્મી હિન્દુ નામ ધારણ કરી યુવતીઓને ફસાવતો હતો. ત્યારે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ દ્વારા વિધર્મીનો પર્દાફાશ કર્યો છે.

મળતી માહિતી પ્રમાણે, રેહાન નામનો વિધર્મી યુવક હિંદુ યુવતીઓને ફસાવવા સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતો હતો. સોશિયલ મીડિયામાં તે હિંદુ નામ ધારણ કરી હિંદુ યુવતીઓને ફસાવતો હતો. આરોપી રેહાન હિંદુ યુવતીઓને ૫૦ હજાર રૂપિયા અને ૧ લાખ રૂપિયામાં મોડેલિંગની ઓફર આપી ફસાવતો હતો. આ ઉપરાંત તે ઓફર આપી વોટ્સએપ દ્વારા યુવતીઓના બિભત્સ ફોટા મંગાવતો હતો અને ત્યારબાદ યુવતીઓને બ્લેકમેઈલ કરતો હતો. આ મામલે દીકરીના માતાપિતાએ વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળને ફરિયાદ કરી હતી. તેને લઈને વિશ્વ હિંદુ પરિષદ સહિત બજરંગ દળના કાર્યકર્તાઓ સાથે તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં જઈને વિધર્મીને સમજાવ્યો હતો, પરંતુ વિધર્મી ખૂબ જ ઉગ્ર બન્યો હતો. ત્યારબાદ આ સમગ્ર મામલે અડાજણ પોલીસને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતા જ અડાજણ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. તેટલું જ નહીં, વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓએ વિધર્મી યુવકને મેથીપાક ચખાડ્યો હતો.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો




આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨